Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

કડવા વિજય.

પુસ્તક ૧૧ મું. મે, જુન ૧૯૧૮. અંક ૫-૬

परिवर्तिनि संसारे मृतः को वा न जायते।
सजातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલા કોણ જન્મતો નથી, તેજ જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ-જ્ઞાતિ-ઉન્નતિને પામે છે.

અનુક્રમણિકા.

અધિપતિ-પટેલ મોતીલાલ કાળીદાસ.
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

પ્રકાશક—પટેલ મોતીલાલ કાળીદાસ.
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૧-૪-૦.

Printed by the Editor at his Satyanarayan Printing Press,
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

કડવા વિજય.

પુસ્તક ૧૧ મું. મે, જુન ૧૯૧૮. અંક ૫-૬

परिवर्तिनि संसारे मृतः को वा न जायते।
सजातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી, તેજ પ
જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ-જ્ઞાતિ-ઉન્નતિને પામે છે.

અનુક્રમણિકા.

અધિપતિ-પટેલ મોતીલાલ કાળીદાસ.
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

પ્રકાશક—પટેલ મોતીલાલ કાળીદાસ.
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૧-૪-૦.

Printed by the Editor at his Satyanarayan Printing Press,
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

એક વિજ્ઞપ્તિ.

સમસ્ત યુવાન ભાઇઓને એકત્ર કરી જ્ઞાતિહીતનાં અગત્યનાં કાર્યો વધારે સંગીન પ્રકારથી કરવા શ્રી કડવા પા. સુ. યુવક મંડળની સ્થાપના થઇ ચુકી છે. તેઓ આજે સારા પાયાપર પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાતિના આગેવાન કાર્યદક્ષ પુરૂષોએ આ સંસ્થા તરફની પોતાની લાગણી અને શુભેચ્છાની તેમણે આપેલા આશ્રય અને સ્થાપના વખતે તેમની હાજરીથી કોઇ પણ બંધુને પ્રતીતિ થઇ શકે તેમ છે. ઉપરાંત જ્ઞાતિના જુદા વિભાગોમાં આ સંસ્થાની શાખાઓ ફત્તેહમંદ કાર્ય કરે છે તે પણ વિદિત થાય છે. દરેક યુવાન બંધુએ સમજવાનું છે કે પોતાની જાતને પોતાની સાથે ગુંથાયેલા કુટુંબને પોતાની જ્ઞાતિ અને દેશને સ્વમાનનું ભાન કરાવી વિશેષ સમૃદ્ધ કરવા આ દુઃખદ સ્થીતીમાં એક ક્ષણ પણ પ્રમાદ કરવો એ હંમેશને માટે હાનીકારક નિવડશેજ.

પોતાની જાતના કલ્યાણમાં સ્વાર્થ છે, પારકાના હીતના કાર્યમાં પરમાર્થ સમાયેલો છે. સ્વાર્થથી શરૂ કરી પરમાર્થમાં વિલય થવો એ દરેક પુરૂષાર્થી બંધુના કર્તવ્ય ક્ષેત્રની રૂપરેખા છે. કેળવણીના અભાવથી, વિદ્યા તરફની અરૂચીથી, ઘોડીઆમાં હીંચતે હીંચતે લગ્નના પાડવામાં આવતા સંસ્કારથી અને વંશ પરંપરાની અવિદ્યાએ કરી ટકી રહેલા કેટલાક અધર્મ યુક્ત રિવાજોને લઇ આજે ચારે તરફ દ્રષ્ટિ નાંખતાં માત્ર દુઃખ અને સંકટના વાદળથી છવાઇ ગયેલું આપણું સામાજિક જીવન નજરે ચઢે છે. આ વાદળને તોડવાનું કાર્ય જ્ઞાતિના યુવાન બંધુઓના માંથે છે અને સમય આવ્યો છે, જેથી તેમણે ખાત્રી રાખવી કે ભાવિ પ્રજાના કલ્યાણનું ભાવિ તમારે હાથે લખાશે અને તેમાંજ તમારા જીવવાનું સાર્થક સમાયેલું છે.

રીદ્ધી સીદ્ધિવાળા જ્ઞાતિ ભાઇઓ, પોતાનો ધર્મ સમજી પોતાનો ઉદ્ધાર હાથ જ્ઞાતિનાં સંતાનો પ્રત્યે લંબાવશે એ પણ અમારી આશા છેજ. દેશની એકે એક જ્ઞાતિઓ પોતાની સ્થીતી ઉચ્ચ પ્રકારની કરવા સારૂ, વિદ્યાવૃદ્ધિનાં સાધનો ઉઘાડવા સારૂ એક સરખી રીતે પ્રયાસ કરે જાય છે, તેઓ આપણાથી આગળતો છેજ તો પછી આપણે આપણા વેગમા કુદરતી રીતે ફેરફાર કરવો જોઇશેજ, જ્ઞાતિના ધનવાન અને વિદ્વાન ભાઇઓનું આ કર્તવ્ય ક્ષેત્ર છે. અમને સંપૂર્ણ આશા છે કે અમારી ઉપરોક્ત યોજનાને આપ ધ્યાન દઈ લક્ષમ લેશો અને અમે જે કાર્ય માંથે ઉઠાવ્યું છે તેને આપ આપના દીલનું માની લેઈ, જ્યારે જ્યારે અમે જ્ઞાતિ સેવકો આપના વંદનિય ચરણે આવીએ ત્યારે અમને ઉત્તેજીત કરવામાં આપ આપનો પરમાર્થ સમજશો.

ઓ. સેક્રેટરી.

પહેલો મહોત્સવ—મે. ડૉ. સાહેબ પિતામ્બરદાસના પ્રમુખ પદે અમદાવાદમાં બપોરના બારે વાગે ઉજવવામાં આવશે તેજ દિવસે સવારના આઠે વાગે યુવક મંડળની **જનરલ મીટીંગ** મળશે. બંને વખતે હાજરી આપવા જ્ઞાતિના દરેક બંધુને વિનંતા છે.

કડવા વિજય

પુસ્તક ૧૧ મું. મે, જુન સને ૧૯૧૮ અંક ૫-૬

જાણવાજોગ સમાચાર.

શ્રી **કડવા પાટીદાર સુધારક યુવક મંડળ** નામે સ્થપાયેલી જ્ઞાતિહીતની નવી સંસ્થાના યુવકોને મુબારકબાદી આપતાં અમને ઘણોજ આનંદ થાય છે. આ સંસ્થાની **જનરલ મીટીંગ** તા. ૧૬ મી જૂન સને ૧૯૧૮ ના રોજ સવારમાં થવાની છે તે પ્રસંગે દરેક મેમ્બરો હાજરી આપી પોતાની ફરજ બજાવવા ચુકસે નહીં તેની અમને સંપૂર્ણ ખાત્રી છે. વળી તેજ દિવસે બપોરના ટાઇમે સંસ્થાનો **પહેલો મહોત્સવ જ્ઞાતિરત્ન મે. ડૉ. સાહેબ પિતામ્બરદાસના પ્રમુખ પદે** ઊજવવામાં આવનાર છે તેમાં દરેક જ્ઞાતિબંધુઓને પધારવાની વિનંતી કરવા માટે યુવક મંડળ તરફથી અમને સુચના કરવામાં આવી છે. જ્ઞાતિહીતમાં ભાગ લેતા દરેક બંધુઓ અને ખાસ કરી અમદાવાદ શહેરના સદ્‌ગૃહસ્થોને અમારી ભલામણ છે કે જ્ઞાતિની ભાવી આશાઓ અને સંપત્તિ સમાન યુવકોની આ સંસ્થાના કાર્ય તરફ સહાનુભૂતિ દર્શાવી તન મન અને ધનથી મદદ કરવાની જરૂર છે.

ઉદારચિત્ત જ્ઞાતિભૂષણ શેઠ સાહેબ.—

શેઠ સોમનાથભાઇ રૂપજીની ચાલુ સખાવતો.

મે. શેઠ સાહેબે અમદાવાદના વનિતા વિશ્રામમાં પોતા તરફથી અને તેમનાં ધર્મપત્ની તરફથી રૂ. ૩૦૦૦૦ ત્રીશ હજારની રકમ મકાન બાંધવાના ઉપયોગ માટે તેમજ—

મહાત્મા ગાંધી શ્રીના સત્યાગ્રહી આશ્રમને રૂ. ૩૫૦૦૦ પાંત્રીશ હજારની રકમ ભેટ આપી છે અને—

હાંસોલ ગામનાં બાળકો માટે નિશાળનું મકાન બંધાવી આપવા માટે પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી છે.

તે સિવાય કેટલીક બીજી સખાવતો કર્યાનું પણ અમારી જાણમાં આવ્યું છે. અમારા જાણવામાં એ પણ આવ્યું હતું કે મહા મંડળને પોતે બોર્ડિંગના મકાનની ગોઠવણ કરી આપવાની ઇચ્છા બતાવી જ્ઞાતિનાં બાળકો પ્રત્યેની લાગણી બતાવી હતી પરંતુ કયા કારણથી તે હકીકત મહા મંડળ તરફથી પ્રસિદ્ધિ પામી નથી તે અમે જાણતા નથી.

જ્ઞાતિની શોભામાં વૃદ્ધિ કરતા આવા અનેક ઉદારચિત્ત ગ્રહસ્થો, પરમાત્મા ઉત્પન્ન કરે અને તેમને દીર્ઘાયુષ્ય બક્ષી જ્ઞાતિનાં પુત્ર પુત્રીઓ સુખી થાય તેવાં અનેક કાર્યો તેમના હાથે પ્રભુ! કરાવે એવી અમારી તે દયાળુ પ્રત્યે પ્રાર્થના છે.

તંત્રી.

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો સાતમો મહોત્સવ.

સેરથા. તા. ૧૮–૧૯–૨૦ માહે મે સને ૧૯૧૮.

આ સમાજની સાતમી બેઠક કડી પ્રાંતમાં સેરથા ગામે સંવત ૧૯૭૪ ના વૈશાખ સુદ ૮–૯–૧૦ સની, રવી અને સોમવારે કરવામાં આવી હતી. રિવાજ મુજબ ગયા ડીસેમ્બર માસમાં ચુંવાળ પ્રદેશના આગેવાન ગામ અઘારના સ્ટેશન ભંકોડા (વિરમગામથી ૫ માઇલ) રાખવાનું ઠર્યું હતું અને તે માટે અઘારવાળા જ્ઞાતિભક્ત શેઠ છગનલાલભાઈ મારફત તજવીજ પણ થઇ ચૂકી હતી પરંતુ તે અરસામાં ગુજરાતમાં પ્લેગનું જોર ભયંકર રીતે અસ્તીત્વમાં હોવાથી ગુજરાતનાં સેંકડો ગામના લોકો નાસ ભાગ કરવાની સ્થીતીમાં જઇ પડયા હતા. વિરમગામ, અઘાર વગેરે ફરતાં તમામ ગામોમાં પ્લેગ પૂર્ણ જોસથી ફાટી નીકળવાથી સ્ટેશન જેવા ગામથી દુર ભાગમાં પણ સમાજ ભરવાનું સાહસ કરવું એ નહીં ઇચ્છવા યોગ્ય હોવાથી સમાજની બેઠક મુલત્વી રાખવામાં આવી હતી. પ્લેગની શાંતિ થતાં સમાજ ભરવાના પૂર્ણ ઉત્સાહ અને જોશમાં સમાજના સૂકાની સદ્ગત જ્ઞાતિભક્ત ભાઇ પુરૂષોત્તમદાસ મુંબઇથી પોતાના સ્થળે વિરમગામમાં આવ્યા હતા, પરંતુ એકાદ અઠવાડીઉ લૌકીક વહેવારે બહાર જવું આવવું થતાં તાવની બીમારી તેમને લાગુ પડી અને જ્ઞાતિનાં કમ ભાગ્યે તે વીર પુરૂષની ખોટ પડી. સદ્ગતના નાના મોટા મિત્રોએ તરતજ તે કર્મ વીર પુરૂષના કાર્યને હાથધરવાની તક જવા દીધી નહિ. અને જ્ઞાતિ સેવાનું કાર્ય હાથ ધર્યું. એકટીંગ સેક્રેટરી તરિકે મી. લલુભાઇ અને કૂબેરભાઇનાં નામો પ્રેસીડેન્ટ સાહેબ શેઠ દુર્ગાપ્રસાદભાઈ તરફ મોકલવામાં આવ્યાં, તેમની પસંદગી મુકરર થયા બાદ બંને યુવકોએ જ્ઞાતિ સેવાના કાર્યમાં ઉમંગથી ભાગ લેવા માંડયો. સદ્ગત સેક્રેટરી મી. પુરૂષોત્તમભાઇ પ્રત્યેનો તેમનો પ્રેમ અને તેમણે શિષ્યભાવે પ્રાપ્ત કરેલો કંઇક અનુભવ જ્ઞાતિ સેવાના કાર્યમાં તેમને મદદ રૂપ થઇ પડયો. તેજ ભાવથી અમદાવાદ વાળા યુવક બંધુઓ પૈકી મી. નગીનભાઇ તથા છબીલભાઇ વગેરે જ્ઞાતિના સુપુત્રો જ્ઞાતિ સેવાના ઝુંડા નીચે આવી સેરથા ગામે કરેલી સમાજની પ્રથમ માગણી વિષે તપાસ કરવામાં રોકાયા. અઘારનું સ્થળ ચાલુ મોસમની ભીડને લેઇ અયોગ્ય જણાયું તેજ વખતે શેરથા ગામના બંધુઓને જ્ઞાતિ સેવાનું સ્મરણ તાજુ થયું. પોતે કરેલી અને મુલત્વી રહેલી માગણી ગામ સમસ્ત તરફથી ફરી કરવામાં આવી અને તે સાથે કુમારશ્રી લાલસિંહજીભાઇને પણ પ્રમુખ પદે રાખવાની ભલામણ કરવામાં આવી. સમાજની ઑફીસની પ્રવૃત્તિ પણ તે અરસામાં ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. શેઠ મફાભાઇ તથા દેશાઇ અમરસિંહજી વગેરેએ જ્ઞાતિ મત કેળવવાની ચળવળને જરાપણ ઢીલી થવા દીધી નહિં. સમય અને સ્થળ તેમજ શેરથા ગામની ખાસ ઇચ્છાને લઇ લાલસિંહજીભાઇ પ્રમુખપદ સ્વીકારે ત્યાં સમાજની ઑફીસની પ્રવૃત્તિ આવીને ઉભી. સમય માત્ર ૧૬ :દિવસ પુરતોજ હતો ! કારણ સેરથા ગામના બંધુઓને સમાજ સેવાના કાર્ય માટે મોડામાં મોડી એજ તારીખો અનુકૂળ હતી. શેઠ ગોરધનભાઇના અધ્યક્ષ નીચે એક સારૂ ડેપ્યુટેશન લાલસિંહભાઇ પાસે તે માટે ગયું અને તા. ૨–૫–૧૮ ના રોજ સાંજના ૭ વાગે પોતે પ્રમુખ પદ સ્વીકારી શકસે એવી સમાજની ઑફીસને ખાત્રી થઇ. બીજે દિવસે સત્યનારાયણ પ્રેસની મદદથી સમાજની બેઠક ભરવાની ખબર સર્વ જગ્યાએ આપી દેવામાં આવી. અમારે ખાસ કહેવું જોઇએ કે શેઠ મફાભાઇનો ઉત્સાહ આ બેઠક ભરવાના કાર્યને વિશેષ આભારી છે.

જ્ઞાતિમાં ઘર કરી બેઠેલી અવિદ્યા સમાજ ક્ષેત્રમાં પણ આવીને ઉભી રહે છે. મેમ્બરોને ઘેર ઉપદેશકો મોકલવાની અને તેથી પણ વિશેષ પ્રેસીડેન્ટ પસંદ કરવાની મુશ્કેલી દરેક પ્રસંગે ઉભીજ હોય છે. તોપણ ઉન્હાળાના સખ્ત તાપમાં સેરથા ગામના બે ત્રણ યુવકોએ મેમ્બરો માટે કડી પ્રાંતમાં જે પ્રયાસ કર્યો હતો તે સફળ થયેલો જણાયો છે. ચાલુ મોસમ અને નહીં અનુભવેલો તાપ તેમજ ટુંક સમયમાં નજીક આવતી બેઠક આ પ્રકારની મુશ્કેલી છતાં મેમ્બરોની સંખ્યા લગભગ સાડાચારસો જેટલી થઇ હતી. મંડપ માટે જગ્યા એવી પસંદ કરવામાં આવી હતી કે જ્યાં તડકો આવવાનો સંભવજ ઓછો હતો એમ કહીએ તો પણ ચાલે; માદરપાટના પાતળા કપડાની જગ્યાએ મોદાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેથી તાપ ઓછો લાગવા ઉપરાંત આ મોંઘવારીના વખતમાં ખર્ચનો પણ બચાવ થઈ શકયો હશે એમ તુરત સમજાતું હતું. બોધદાયક મુદ્રા લેખો અને વાવટાઓથી શણગારેલો સાદો મંડપ બહારથી આવનારને આશ્રય આપતો, એક તરફ સમાજની ઑફીસવાળી રાવટી પ્રેક્ષકોનું ધ્યાન ખેંચતી હતી. ઉતારાઓ વગેરેની સગવડ સાદી પણ આરામ આપે તેવી હતી, તદુપરાંત ભોજનશાળાની વ્યવસ્થા ઘણીજ નિયમીત અને કોઇ પ્રકારની ફર્યાદ સિવાયની હતી. ન્હાવા ધોવાની સગવડ પણ સારી હતી, સમાજના મંડપની આસપાસ ઘણા નજીકમાં ગામ તથા આ જગ્યાઓ હોવાથી તાપની હેરાનગતી ઓછી થવાનો સંભવ હતો. તા. ૧૭ મીની સાંજના મેમ્બરોએ સમાજ સ્થળે હાજરી આપવી શરૂ કરી હતી, બેઠકનો પ્રથમ દિવસ તા. ૧૮ મીનો હતો. રેલ્વે ગાડીઓની હાડમારીને લઇ ઘણા મેમ્બરો સવારની પહેલી ટ્રેનમાં આવી શકયા નહોતા, તોપણ મુંબઇ વગેરે દુરથી અને નજીકથી આવનાર મેમ્બરોનો મોટો ભાગ આવી ગયો હતો. સખ્ત તાપ, રેલ્વે ગાડીની ટીકીટ મેળવી ડબામાં બેસવાની મુશ્કેલી અને ચાલુ મોસમ અત્યાર સુધી નહીં અનુભવાયેલી અને એક યાદગાર બનાવ તરિકે લેખાય તેવી હતી. જ્ઞાતિસેવાની કસોટી કરનાર આ અવસરે જ્ઞાતિ સેવકોની આંકણી કરાવી છે એમ કહીએ તોપણ ચાલે. મે. પ્રમુખ સાહેબે આગલા દિવસે પોતે બેઠકના ટાઇમસર આવી શકસે નહીં એવા ખબર આપ્યા હતા અને બન્યું પણ તેમજ. તા. ૧૮ મી સાંજરે પોતે આવવાથી ત્રણ દિવસમાંથી એક અને બીજો મળી લગભગ કામ કરવાને ૩૦ ટકા જેટલો વખત નકામો ગયો હતો. એમ કહીએ તોપણ ચાલે. પહેલા દિવસે સવાર અને બપોરના બે ટાઇમ ગયા પછી મેમ્બરોની ખાસ ઇચ્છાને લઇ બેઠકનું કાર્ય ચાર વાગે હાથ ધરવામાં આવ્યું હતું.

તા. ૧૮ મીના પહેલા દીવસની બેઠક.

શરૂઆતમાં શ્રી ઉમિયા દેવીની સ્તુતી કર્યા બાદ સમાજના સેક્રેટરી મી. લલુભાઇએ પ્રમુખ સાહેબની ગેરહાજરી અને કાર્યની શરૂઆત સુચવનારૂં વિવેચન કર્યા બાદ સન્માન-કારીણી સભાના ચેરમેન મી. રણછોડભાઇ શ્રીભાઇદાસે નીચે પ્રમાણે ભાષણ આપ્યું હતું.

ભાઇઓ અને બ્હેનો !

આજના શુભ ટાણે અમારા આમંત્રણને માન આપી કડી પ્રાંતમાં આગળ પડતાં ગામોમાંથી તેમજ દૂર દૂર સ્થળેથી અમારા ગામમાં પધારનાર સર્વે જ્ઞાતિબંધુઓને આવકાર આપતાં મને ઘણોજ આનંદ થાય છે. આપણે કોણ? આપણી હાલ શી દશા છે? આપણી પડતી થવાનાં શાં શાં કારણ છે? આપણી ઉન્નતિ શી રીતે થઇ શકે? આવી આવી ઘણી

બાબતોનો વિચાર કરવાને અત્રે ભેગા થયેલા વિદ્વાન જ્ઞાતિબંધુઓનું સ્વાગત કરવાનો મને તથા મારા ગામને આજે જે શુભ પ્રસંગ મળેલો છે તે હું મારૂં તથા મારા ગામનું મોટું ભાગ્ય માનું છું. આજે આપણે જે બાબતોનો વિચાર કરવાનો છે તેને માટે પોતાના તન મન અને ધનનો જીંદગી પર્યંત ભોગ આપનાર પરમ જ્ઞાતિ ભક્ત સ્વર્ગસ્થ પુરૂષોત્તમદાસભાઇની ખોટ મને ઘણી સાલે છે. તેમનો પ્રભાવ એવો હતો કે જો તે આજે હયાત હોત તો આપણો ઉત્સાહ આથી સોગણો હોત અને આપણું કાર્ય કંઇ ઓરજ થાત. જે કાર્ય કરવાને આપણે મળ્યા છીએ તે ભાઇ પુરૂષોત્તમદાસનું જીવન હતું, તેમનું સર્વસ્વ હતું, તેઓ એક વીર પુરૂષ હતા. બોલવા કરતાં કરી બતાવવું વધારે ઉત્તમ છે એમ તેઓ માનતા એટલુંજ નહિ પણ તે પ્રમાણે વર્તતા હતા. કહ્યું છે કેઃ—

> કહેણી મીસરી ખાંડ છે, કરણી તાતા લોહ;
> કહેણી કથે રહેણી રખે, એસા વીરલા કોક.

ભાઈ પુરૂષોત્તદાસે કહેવા કરતાં ઘણું કરી બતાવ્યું છે, અને તેમને રસ્તે આપણે ચાલીશું તોજ આપણે આપણું ધાર્યું કરી શકીશું. તેમણે ઉપાડી લીધેલા કાર્યને પૂર્ણ કરવું તેજ તેમનાં ખરાં વખાણ છે, તેજ તેમના ગુણની ખરી કદર છે ગયી વાતનો શોક ન કરવો એ વૃદ્ધજનોના ઉપદેશ પ્રમાણે મનને પરાણે મનાવી તેમણે ઉપાડી લીધેલા કાર્યને હવે આપણે પૂર્ણ કરવું જોઇએ.

આપણી પહેલાંની સ્થિતિ કેવી હતી અને આપણી હાલની સ્થિતિ કેવી થઇ છે તે વિષે આપણે વિચાર કરીએ. ઇતિહાસનાં જુનાં પુસ્તકો જોતાં અને વિદ્વાન લોકોની શોધથી એવું સાબીત થયું છે કે આપણે પહેલાં ક્ષત્રિય હતા અને રાજકરતી પ્રજા તરીકે જાણીતા હતા. આજે આપણને કેટલાક વૈશ્ય કહે છે અને કેટલાક તો શૂદ્ર કહેતાં પણ અચકાતા નથી. આજે આપણે રાજવંશી મટી ગયા છીએ. આપણે ક્ષત્રિય હતા એટલે આપણે બળવાન હતા. અત્યારે આપણે નિર્બળ છીએ. આપણે તેજસ્વી હતા પણ અત્યારે નિસ્તેજ થઇ ગયા છીએ. પહેલાં આપણા હાથમાં સત્તા હતી પણ હાલ સત્તા વગરના થઇ ગયા છીએ. પહેલાં આપણે હુકમ ચલાવતા હતા પણ અત્યારે ન્યાય અન્યાયના હુકમ મરજીએ કે નામરજીએ માથે ચઢાવીએ છીએ, પહેલાં રાજદરબારમાં આપણું ઘણું માન હતું પણ અત્યારે તો હલકામાં હલકા નોકરોના પણ ધક્કા ખાવા પડે છે. આપણે પહેલાં શ્રીમંત હતા અત્યારે રંક છીએ. આપણે બળ ખોયું, સત્તા ખોઇ, ધન ખોયું, તેજ ખોયું, એટલુંજ નહિ પણ માન ખોયું એટલે બધુએ ખોયું. બન્ધુઓ! આપણી આવી સ્થિતિ થવાનાં કારણો શાં છે?

બાળલગ્ન એ આપણો કટ્ટો અને મુખ્ય દુશ્મન છે. તે દુશ્મને આપણા બીજા દુશ્મનોને, આપણને ખરાબ કરવામાં ઘણી મદદ કરી છે. આપણા દુશ્મન બાળલગ્ને આપણા બીજા દુશ્મનો જેવા કે અવિદ્યા, ગરીબાઇ, અપમાન, બીક વગેરેને ઘણીજ સહાય કરી છે, અને તે બધાએ આપણને પાયમાલ કર્યા છે. બાળલગ્ને આપણને બળ વગરના, બીકણ, બાયલા બનાવ્યા છે, બાળલગ્ને આપણને વિદ્યા ભણતા અટકાવ્યા છે. આપણે બળ વગરના, બાયલા, બીકણ અને અભણ થયા એટલે લક્ષ્મી આપણા ઉપર કોપ કરીને ચાલી ગઇ અને આપણે રંક થયા, અભણ થયા એટલે માન ખોયું. બાળલગ્નથી આપણો આવરદા ટુંકો થઇ ગયો. પહેલાં લોકો કદાવર હતા પણ હવે ઠીંગણા અને નાજુક થઇ ગયા

છે. જ્યાં બાળલગ્ન નથી ત્યાં હાલ પણ કદાવર અને બળવાન માણસો જોવામાં આવે છે. આપણા પાડોસમાંજ રહેતા ભરવાડ લોકને જુઓ ! વળી પઠાણ લોકને જુઓ ! આપણે તેમનાથી બ્હીએ છીએ. બાળલગ્ને આપણો ઘરસંસાર દુ:ખી બનાવ્યો છે. બાળલગ્નથી ઘણાં કજોડાં થાય છે. કોઈ ઠેકાણે વર બોબડો ને વહુ સારી તો કોઇ ઠેકાણે વહુ બોબડીને વર સારો હોય છે. કોઇ ઠેકાણે વહુ વર કરતાં બે વેંત ઉંચી પણ હોય છે. આવા ભયંકર શત્રુની જાળમાંથી આપણને બચાવવાને શ્રીમંત સરકાર શ્રી સયાજીરાવે બાળલગ્નનો કાયદો કર્યો છે તે માટે આપણે તેઓશ્રીનો ઉપકાર માનીએ છીએ. સરકાર કાયદો કરે તે આપણા ભલાને માટેજ હોય છે. ફરજિયાત કેળવણીનો કાયદો પહેલાં આપણને નહોતો ગમતો પણ અત્યારે તેથી થતા ફાયદા થતા જોઇ આપણે તેને પસંદ કરીએ છીએ તેજ પ્રમાણે બાળલગ્નનો કાયદો હાલ કેટલાકને પસંદ નથી આવતો પણ જેમ જેમ તેના ફાયદા સમજાશે તેમ તેમ તેને એકે અવાજે સહુ પસંદ કરશે. આ બાબતમાં કેટલેક સ્થળેથી સમજ્યા વગરજ વિરૂદ્ધતા બતાવાય છે.

બાળલગ્નને મદદરૂપ આપણાં એક તિથિનાં, અને નવ અને અગીઆર વર્ષે આવતાં લગ્ન છે. અગીઆર વર્ષે વિવાહ આવે એટલે માબાપ પોતાનાં બાળકોને પરણાવવાની ઉતાવળમાં પડી જાય છે અને સારૂં ખોટું જોવાનું ભૂલી જાય છે અને લાકડે માંકડું વળગાડી દે છે, તેમ કરતાંય કેટલાંક તો કુંવારાં રહી જાય છે. અને માબાપને કુલના દડાનું કે બાંધવરનું મહાપાપ વહોરવું પડે છે. એક દહાડે લગ્ન થાય છે એટલે શાસ્ત્રમાં કહેલી વિધિમાંથી લગીરે બ્રાહ્મણો કરતા નથી, એટલે આપણી મશ્કરી કરવાને કહેવત પડી ગઇ છે કે "દોઢ છાણુંને ડોકલી ઘી, કડવો પરણે રાતને દી." આપણાં લગ્ન આવે ત્યારે બધી ચીજોના ભાવ ત્રણ ચાર ગણા થઇ જાય છે. ભાઇને ઘેર લગ્ન હોય અને બ્હેનને ત્યાં પણ હોય એટલે બ્હેનને લ્હાવો ન પહોંચે અને ભાઇને પણ ન પહોંચે. જાનમાં માણસોની પણ તંગી પડે છે એટલે તઇ તંબોળીને પણ જાનમાં લઇ જઇએ છીએ. પછી જોઇ લ્યો આપણી જાતની શોભા ! લગ્ન ફરીને બહુ મોડાં આવે એટલે ગમે તેવું કામ હોય તો પણ પડતું મૂકવું પડે અને નુકશાન ખમવું પડે. આવી ખરાબ રૂઢીમાંથી બચવાને આપણે પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ.

આપણને રંક બનાવનાર આપણો એક બીજો શત્રુ નાતવરા કે મરણ પાછળનાં જમણ છે. તે આપણને ગરીબ બનાવે છે એટલુંજ નહિ પણ તે એક ત્રાસદાયક રૂઢી છે જે વખતે શોક હોય તે વખતે સારાં સારાં જમણ શી રીતે ભાવે ?

આપણી જ્ઞાતિમાં ઘણાને કન્યા નથી મળતી તેનું એક કારણ એ પણ છે કે ઘણા એક ઉપરાંત વધુ સ્ત્રીઓ કરે છે. આ ચાલ ખરાબ છે. નીતિવિરૂદ્ધ છે. બે સ્ત્રીનો પતિ સુખી થતો નથી.

વળી આપણે કન્યાવિક્રયની સામે થવાનું છે. તે રિવાજ આપણામાં પહેલાં નહોતો. પણ થોડા વખતથી ઠેકાણે ઠેકાણે ડોકીયાં કરી રહ્યો છે. કન્યાવિક્રય એક મહા પાપ છે.

આ સહુ દુષ્ટ રિવાજોની સામે થવાને આપણી પાસે વિદ્યા હોવી જોઇએ, આપણે આપણાં બાળકોને ભણાવવાં જોઇએ. પુત્રની કેળવણી જેટલુંજ ધ્યાન પુત્રીની કેળવણી ઉપર આપવું જોઇએ. શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજે ફરજિયાત કેળવણીનો કાયદો કર્યો છે તે માટે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

ખેતી ઉપર સમસ્ત દેશનો આધાર છે. ખેડૂતો જગતના પાલક કહેવાય છે. આપણે ખેડૂત છીએ અને આપણી ઉન્નતિ તેજ આપણા દેશની ઉન્નતિ કરી શકે. શ્રીમંત સરકાર સયાજીરાવને આપણે અરજ કરવી જોઇએ કે ખેતીવાડીની ઠેકાણે ઠેકાણે શાળાઓ સ્થાપે. ખેતી સાથે હુન્નર ઉદ્યોગની કેળવણીની પણ ઘણી જરૂર છે.

ભાઇઓ ! મારે જે જે બાબતો જણાવવાની હતી તે જણાવી છે. આજની સભાનું પ્રમુખસ્થાન કુમારશ્રી લાલસિંહજીને આપવાની અમારી વિનંતિમાં આપ સહુ એક મનથી સંમત થશો. અત્રે પધારી સર્વે ભાઇઓએ અમારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. વ્યવસ્થાપક મંડળે અમારૂં આમંત્રણ સ્વીકારવાની કૃપા કરી છે તે માટે તેનો પણ આભાર માનુંછું. અમારા કામકાજમાં કાંઇ પણ ખામી જણાય તો તે દર ગુજર કરવાની વિનંતિ કરી વિરમું છું.

ઉપર મુજબ રી. કમીટીના ચેરમેનનું ભાષણ ખતમ થતાં તેમણે તથા સેક્રેટરી મી. લલુભાઇએ પ્રમુખ સાહેબના આવવાની રાહ જોવા માટે વિનંતી કરી સભા બરખાસ્ત થયેલી જાહેર કરી હતી.

સાંજના આઠ વાગતાં પછી પ્રમુખ સાહેબ સાથે દેશાઈ લલુભાઇ, દે. કાળીદાસભાઇ, દે. અંબારામભાઇ વગેરેઆવ્યા હતા. સેરથા ગામમાં નવું જીવન પ્રાપ્ત થયું હોય તે પ્રમાણે ગામ સમસ્ત સ્ત્રી, પુરૂષ, અને બાળકો સામૈયાના રૂપમાં લાલસિંહજી ભાઇને લેવા ગયાં હતાં. આ સાયંકાળે શોભતા સામૈયાનો અપૂર્વ ઉત્સાહ જ્ઞાતિ સેવા ઉપરાંત કોઈ નવિન ભાવ ઉત્પન્ન કરતો હોય તેમ ચારે તરફ ફેલાઇ ગયો હતો. સમાજના મેમ્બરો અને પ્રમુખ સાહેબનું સ્વાગત કરવામાં સેરથાના ભાઈઓએ જે સંબંધ અને ભ્રાતૃભાવ દર્શાવ્યો છે તેનો કયા પ્રકારે મેમાન અને પ્રમુખ સાહેબે બદલો વાળવો જોઇએ તે કહેવા પુરતા શબ્દો લેખકને અત્યારે જડતા નથી, સમાજના મેમ્બરો કદાચ જમવાના કાર્યમાં રોકાયા નહોત તો પ્રમુખ સાહેબનું સામૈયુ વરઘોડાના રૂપમાં બદલાઇ જાત અને સ્ત્રી વર્ગના ઉત્સાહનાં ગાણાં કયા પ્રદેશ સુધી વિસ્તાર પામત તે પણ કહી શકાય નહીં. અસ્તુ. લાયકને લાયક માન આપવામાં સેરથા ગામના ભાઇઓ પછાત રહ્યા નથી એ પણ એક ખુશી થવા જેવો પ્રસંગ બન્યો છે. જમીને પરવાર્યા બાદ આશરે સાડા નવ વાગે રાત્રે પહેલા દિવસની બીજી બેઠક કરવામાં આવી હતી. પ્રમુખ સાહેબની દરખાસ્ત અને ટેકાની જરૂરજ નહોતી કારણ સર્વાનુમતે તેમને પ્રમુખ તરિકે નિમવાની અને આવતાં સુધી સભાનું કાર્ય મુલતવી રાખવાની સેક્રેટરી મી. લલુભાઈની દરખારત પસાર થઇ ગઈ હતી. તોપણ વિવેકની ખાતર દેશાઇ કાળીદાસ ભાઇએ તે દરખાસ્ત રજુ કરી પ્રમુખ સાહેબના ગુણ ગાન અને સમાજ સાથેનો તેમનો સંબંધ સભાજનો આગળ કહી બતાવ્યો હતો ત્યાર બાદ મી. મગનલાલ એન્જીનીઅરે તે દરખાસ્તને ટેકો આપ્યો હતો. મે. પ્રમુખ સાહેબે વેળાસર નહીં આવી શકવાનાં કેટલાંક કારણો જણાવી મોડુ થવા માટે માફી ચાહી હતી. તે પછી સેક્રેટરી મી. લલુભાઇએ સબજેક્ટ કમીટીના મેમ્બરોનાં નામ સુચવ્યાં હતાં જે કેટલાક વધારા સાથે નક્કી થયેલા મેમ્બરોની સબજેક્ટ કમીટીએ રાતના સાડાબાર વાગતાં સુધી ઠરાવો ઘડવાનું કાર્ય કર્યું હતું. તે કમીટી અને બીજા, ત્રીજા દિવસની બેઠકમાં જે કાર્ય થયું છે તે આવતા અંકમાં આપવામાં આવશે. × × ×

અપૂર્ણ.

લગ્નપ્રથા વિષે જ્ઞાતિમત કેળવાયો છે ?

બાળલગ્નની પ્રથાનો અસ્ત થતાં સામાજિક ઉન્નતિનો ઉદય પ્રત્યક્ષ થવા લાગ્યો છે, જ્ઞાતિહીતનાં કાર્યોની ચાલુ પ્રવૃત્તિએ દશવર્ષની લગ્ન પ્રથાને મૃતઃપ્રાય કરી જ્ઞાતિનાં સંતાનોની સાંસારિક ઉન્નતિના ઉજ્વળ પ્રભાતની ઝાંખી ક્યારનીએ કરાવી છે. વર વધુને લગ્નની ગાંઠથી જોડતા પહેલાં, ગુણ અને વયની યોગ્યાયોગ્યતાનો વિચાર કરવાની જરૂર માબાપો સમજવા લાગ્યાં છે, તેનાં અનેક દ્રષ્ટાંતો આપણને મળતાં રહે છે એ જ્ઞાતિમત કેળવાયાનુંજ પરિણામ છે. માતાજીના હુકમ સિવાય કોઇથી લગ્ન થઈ શકે નહીં વગેરે પ્રકારની ઉટાંગ પુટાંગ વાતો સ્વાર્થી લોકોએ ફેલાવેલી આજે કોઇ માનતું નથી, યોગ્ય ઉંમરે આવતાં પુત્ર પુત્રીઓનાં લગ્ન દર વર્ષે થયે જાય છે, તેમ ચાલુ સાલમાં અન્ય સ્થળે થયેલાં લગ્નો ઉપરાંત નીચે જણાવેલાં બીજાં લગ્નો થયાના સમાચાર અમને મળ્યા છે.

આદ્રજના પા. ઇશ્વરદાસ ખુશાલદાસની પુત્રી બ્હેન સીતાનાં લગ્ન, કડીના પા. લલ્લુભાઇ સાંકળદાસના પુત્ર માધવજી સાથે ચૈત્ર વદ ૭ ના દિવસે થયાં છે.

હીરપુરાના પા. પરભુદાસ રામદાસની પુત્રી બ્હેન સાંતાબાનાં લગ્ન રૂપાલના પા. મગનલાલ રાઘવજીના પુત્ર ચુનીલાલ સાથે વૈશાખ વદ. ૨ ના દિવસે થયાં છે.

આદ્રજના પા. ભાયચંદ મોતીદાસની પુત્રી જમની બ્હેનનું લગ્ન સાણંદના પા. ગુલાબદાસ જીજીદાસના ચી. મણીલાલ સાથે વૈશાખ વદ ૩ ના દિવસે થયું છે અને,

લાંઘણજના પા. ગુલાબદાસના પુત્રનું લગ્ન પણ થયાનું અમે સાંભળ્યું છે.

ઉપર જણાવેલાં સઘળાં પુત્ર પુત્રીઓનો સંસાર સુખરૂપ નીવડો અને તેમના હાથે જ્ઞાતિહીતનાં અનેક કાર્યો કરાવી પ્રભુ ! તેમને દીર્ઘાયુષ્ય બક્ષો એવી અમારી અંતઃકરણની પ્રાર્થના છે. તે સાથે લગ્ન કહાડવાની પ્રથાને ઝાલી રાખવાનો મિથ્યા ડોળ કરી જ્ઞાતિબંધુઓને અધર્મ માર્ગે દોરવામાં ખાટલા, પાટલાનો ઇજારો રાખનાર અમદાવાદ ઊંઝાના કેટલાક ભાઇઓને અમારી ખાસ વિનંતી છે કે અશાસ્ત્રોક્ત વાતો ફેલાવી ગાડરીઓ પ્રવાહ ચલાવવામાં જેનો હાથ હોય તેમને વેળાસર કહાડી લેવો, અને માતાજીએ આપેલી બુદ્ધિ અને વાણીનો સદુપયોગ કરી પોતાના ભાઇઓ ધર્મશાસ્ત્ર પ્રમાણે વર્તન રાખતા થાય તેવા પુરૂષાર્થમાંજ મોટાની મોટાઇ સમાયેલી છે એ સત્યને સાચુ માની જ્ઞાતિહીતનાં કાર્યોમાં ભાગ લેવો. સત્યને અવલંબી ચાલવાની કેટલી અગત્ય છે તે વિષે જ્ઞાતિમત કેળવાયાનો નીચેનો દ્રષ્ટાંત જાણવા જોગ થઈ પડશે.

× × હું ધ્રાંગધ્રા સ્ટેટનો સર ન્યાયાધીશ છું અને રાજ્ય પ્રકરણી ભાયતી કોર્ટનો જડજ છું. × × મારે ઘણા ગામે જવાનું થાય છે. આપણા કડવા પાટીદારોની સાથે આપણી જૂની લગ્નપદ્ધતિ (દશ વર્ષે એક તારીખે) માટે મારે વાતચીત થઇ છે. બધા પાટીદારો આ પદ્ધતિ વિરૂદ્ધ છે, અન્ય કોમોની માફક ગમે ત્યારે લગ્ન થાય એમ ઇચ્છા રાખે છે. × × ત્રાહિત તરીકે મ્હેં પ્રશ્નો પુછ્યા હતા. × × તેમને (આ પ્રથાથી) કંટાળો ઉપજ્યો છે. × × હું આ સ્ટેટનો વતની હોઇ આ સ્ટેટના લોકો તરફથી તેમનીજ હકીકત પ્રહેશ (જાહેર) કરૂં છું. આ સંબંધના ઠરાવ વખતે આ હકીકત મુકવા આપને અરજ કરૂં છું. ઈ.

(ધ્રાંગધ્રા સ્ટેટના સર ન્યાયાધીશ જ્ઞાતિહીતમાં ભાગ લેનાર વિદ્વાન બંધુ પોપટલાલભાઇ તરફથી આવેલા પત્રનો ઉતારો.)

તંત્રી.

શ્રી કડવા પા. શુ. સમાજની છેલ્લી બેઠકમાં પસાર થયેલા ઠરાવો.

(ઠરાવોની ઉપયોગીતા જાળવવા આ અંક સાથે બહાર પાડયા છે.)

ઠરાવ ૧ લો. આ સમાજ ના. શહેનશાહ પંચમ **જ્યોર્જ** અને મહારાણી **મેરીનું** **સહ**કુટુંબ દીર્ઘાયુષ્ય ઇચ્છે છે અને યૂરોપમાં ચાલતા ભયંકર યુદ્ધમાં ન્યાય અને સત્ય**ને** ખાતર જોડાવું પડયું છે તેમાં મિત્રરાજ્યોને સંપૂર્ણ ફતેહ મળે એવી પ્રાર્થના કરે છે.

ઠરાવ ૨ જો. સેના ખાસ ખેલ શમસેર બહાદુર ના. શ્રીમંત સરકાર **સયાજીરાવ** ગાયકવાડનું સહકુટુંબ દીર્ઘાયુષ્ય ઇચ્છે છે અને તે નામદારે પોતાની પ્રજાના કલ્યાણ **અર્થે** મફત અને ફરજ્યાત કેળવણી તથા **"બાળ લગ્ન પ્રતિબંધક નિબંધ"**ના કાયદા**ઓ** ઘડી તેનો અમલ કરવા માંડયો છે તે તરફ આ **સમાજ** પોતાની સહાનુભૂતિ દર્શાવે **છે** **અને** પોતાની ખેડુત **પ્રજાના** હીતનાં **અનેક** કાર્યો તે **નામદારના** હાથે થયેલાં જોવા**ની** ઉત્કંઠા રાખે છે.

ઠરાવ ૩ જો. નેક નામદાર ધાર સ્ટેટના મહારાજા સાહેબે સુંદ્રેલ ગામે શ્રી "નીમાડ કડવા પાટીદાર **સભા**"ની બેઠક વખતે મે. રેવન્યુ મેમ્બર મી. એલેમન્ડે સાહેબ વગેરે અધિકારી વર્ગને **સભામાં** હાજરી **અપાવી** કિંમતી મદદ અને ઉત્તમ સલાહ આપી આપણી કોમને આગળ વધારવા તરફ જે સહાનુભૂતિ અને દિલસોજી ભરેલી લાગણી બતાવી છે તે માટે સમસ્ત કડવા **પાટીદાર** જ્ઞાતિની પ્રતિનીધિ રૂપ **આ** સભા તેમનું દીર્ઘાયુષ્ય ઇચ્છે છે અને તેમનો આભાર માને છે.

ઠરાવ ૪ થો. અદ્વીતીય કર્મવીર જ્ઞાતિભક્ત સદ્‌ગતભાઈ **પુરૂષોત્તમદાસ** લલુભાઇના અકાળે થયેલા અવસાનથી આ સંસ્થા અને સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિને ન પુરી શકાય તેવી ખોટ પડી છે, સદ્‌ગતભાઇનું ચારિત્ર, જ્ઞાતિબંધુઓ પ્રત્યેની લાગણી અને જ્ઞાતિહીત સાધવા**નો** પુરૂષાર્થ અદ્વીતિય હતો. જ્ઞાતિમાં પેસી ગયેલા અધર્મને ટાળી અવિદ્યારૂપી અજ્ઞાનનો નાશ કરવા "શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ"ના સુકાની અને "કડવા વિજય" માસિકના ઉત્પાદક બની સ્વજ્ઞાતિ ઉન્નતિ અર્થે જીંદગી પર્યંત તન મન અને ધનનો ભોગ આપી નિઃસ્વાર્થ જ્ઞાતિ સેવા બજાવી છે, તેથી સમસ્ત જ્ઞાતિ, સદ્‌ગતના અહેશાનની રૂણી બની છે **જેની** આ સભા નોંધ લે છે, અને પોતાની પાછળ મુંકી ગયેલા તેમના કુટુંબ પ્રત્યે આ સભાના દરેક મેમ્બર પોતાના અંતઃકરણની ઉંડી લાગણી પ્રદર્શિત કરે છે. સદ્‌ગતના અવસાનથી આવી પડેલી આફત સહન કરવાનું પરમાત્મા તેમને હૃદયબળ આપી સદ્‌ગતના **આત્મા** ને શાશ્વત શાંતિ બક્ષે એવી તે કૃપાળુને પ્રાર્થના કરે છે.

ઠરાવ ૫ મો. "કૂર્મી ક્ષત્રિય મહાસભા"ના સંચાલક બાબુ રામાધિનસિંહ **અને** ચરોતર એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી ભાઇ અંબાલાલના અવસાન માટે આ સભા દીલગીરિ જાહેર કરે છે ને તેમના આત્માને પ્રભુ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના કરે છે.

ઠરાવ ૬ ઠો. ઑ. મી. વીઠ્ઠલભાઇ જવેરભાઇ પટેલ, પાટીદાર જ્ઞાતિમાંથી પહેલ વહેલા ના. ગવર્નર જનરલની કાઉન્સીલના કાઉન્સીલર નિમાયા છે તે બદલ આ સમાજ અંતઃકરણથી તેમને મુબારક બાદી આપે છે.

ઠરાવ ૭ મો. પોતાની અજ્ઞાન ખેડુત પ્રજાના હિતાર્થે મફત અને ફરજ્યાત કેળવણીનું ધોરણ બનતી ત્વરાએ દાખલ કરી દેશના આધાર રૂપ આ પછાત કોમનું હીત વિચારવા ના. બ્રીટીશ સરકાર અને દેશી રાજા મહારાજાઓનું આ સમાજ ધ્યાન ખેંચે છે અને આશા રાખે છે કે રાજ્યની ઉપજનો સહુથી મોટો ફાળો આપનાર સંપૂર્ણ વફાદાર આ પછાત પ્રજાની ઉન્નતિનાં કાર્યો પહેલી તકે હાથ ધરી તેમને આગળ વધારવાની જરૂર વિસારી દેવામાં આવશે નહીં.

ઠરાવ ૮ મો. દેશના આધારરૂપ ખેતીવાડીનું શિક્ષણ, ખેડુત પ્રજાનાં સંતાનોને માતૃ ભાષામાં મળી શકે તેમજ એક શહેરી પ્રજા તરિકે જીવન ગાળવામાં આ અગત્યની કોમ પછાત ન રહી જાય તે ધોરણપર તેમના માટે ખાસ નિશાળો અને કોલેજો ઉઘાડી ખેડુત પ્રજાનું હીત સાચવવા દરેક રાજા મહારાજા અને ના. બ્રીટીશ સરકારને આ સમાજ આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ ૯ મો. ગુજરાત પ્રાન્તમાં પાટીદાર કોમ એક અગત્યની અને મોટી સંખ્યાવાળી હોવા છતાં ના. મુંબઇ સરકારની ધારા સભામાં સરકાર તરફથી પાટીદાર જ્ઞાતિનો એક પણ સભાસદ નિમવામાં આવ્યો નથી માટે આ સમાજ કડવા પાટીદારમાંથી ધારા સભામાં સભાસદ નિમવાની ના. મુંબઇ સરકારને આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ ૧૦ મો. ગુજરાત પ્રાંતમાં પાટીદાર કોમ એક અગત્યની અને મોટી સંખ્યા-વાળી હોવા છતાં ના. વડોદરા સરકારની ધારા સભામાં અત્યાર સુધી કડવા પાટીદાર જ્ઞાતિનો એક પણ સભાસદ નિમવામાં આવ્યો નથી માટે આ સમાજ સદરહુ કોમમાંથી ધારા સભામાં સભાસદ નિમવાની આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ ૧૧ મો. બાળ લગ્નના ચાલતા અધર્મ યુક્ત બુરા રિવાજ પ્રત્યે આ સમાજ સંપૂર્ણ તિરષ્કારની દ્રષ્ટિથી જુએ છે અને તેને નાબુદ કરવા દરેક બંધુઓને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ ૧૨ મો. જ્ઞાતિમાં શાસ્ત્રોક્ત પદ્ધતિએ લગ્ન કરવાની પ્રથા શરૂ થઇ ચૂકી છે. વર કન્યાની લાયકાત જોઇ યોગ્ય વયે શાસ્ત્રોક્ત વીધિ વડે લગ્નની ગાંઠથી જોડનાર મા બાપો અને તે કાર્યમાં સહાનુભૂતિ દર્શાવનાર બંધુઓને આ સમાજ ધન્યવાદ આપે છે તેમજ વિરમગામની જ્ઞાતિએ તે માટે યોગ્ય ઠરાવ કરવાથી અને પાટડી અમદાવાદ તથા કડી પ્રાંતનાં કેટલાંક ગામોના સમજુ આગેવાન પુરૂષોએ શાસ્ત્રોક્ત લગ્નપદ્ધતિને આવકાર દાયક લેખવાથી તેમનો આભાર માને છે.

ઠરાવ ૧૩ મો. બાળલગ્ન પ્રતિબંધક નિબંધની કલમ ૮ ની રકમ क દુર કરી, સદરહુ નિબંધ સંપૂર્ણ રીતે આપણી જ્ઞાતિને લાગુ પાડવા અને નિબંધ અન્વયે દંડની વસુલ આવેલી રકમ જ્ઞાતિ મત કેળવવાના ઉપયોગ અર્થે આપવા નેક નામદાર શ્રીમંત મહારાજાની દયાળુ સરકારને આ સમાજ વિનંતી કરે છે અને અપવાદ कમાંથી અત્યાર સુધી દુર કરવામાં આવ્યા નથી તે માટે એક અરજી કરવા તથા ડેપ્યુટેશન મોકલવાનો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ ૧૪ મો. એક સ્ત્રીની હયાતીમાં ખાસ કારણ સિવાય અને સ્ત્રીની ૩૦ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના નઠારા રિવાજને આ સમાજ વખોડી કાઢે છે.

ઠરાવ ૧૫ મો. છુટા છેડા અથવા લખણાના અધર્મ યુક્ત દુષ્ટ રિવાજ પ્રત્યે આ સમાજ સંપૂર્ણ તીરષ્કારની દ્રષ્ટિથી જુએ છે અને તેને નાબુદ કરવા દરેક બંધુઓને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ ૧૬ મો. કન્યા વિક્રયના પાપી રિવાજથી જ્ઞાતિની અધોગતી થાય છે, યોગ્ય છતાં ગરીબ બંધુઓનાં છોકરાં કુંવારાં રહે છે, માટે જ્યાં જ્યાં આ રિવાજ ચાલતો હોય ત્યાં ત્યાંથી તેને નાબુદ કરવા આ સમાજ ઠરાવ કરે છે.

ઠરાવ ૧૭ મો. કન્યા પક્ષની ગરજ સમજી વર પક્ષ તરફથી ચાંલ્લા અને કર કરીઆવર માટે દબાણ કરીને હેરાનગતિ કરવામાં આવે છે તે પ્રત્યે આ સમાજ પોતાની સંપૂર્ણ ના પસંદગી જાહેર કરે છે.

ઠરાવ ૧૮ મો. વિદ્યા એ સર્વોત્તમ શક્તિ હોવાથી તે પ્રાપ્ત કરવા કરાવવા પોતાનાં પુત્ર પુત્રીઓને અને ત્યાં સુધી દરેક પ્રકારની ઉત્તમ કેળવણી આપવા આ સમાજ દરેક બંધુને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ ૧૯ મો. મરણ પાછળનાં જમણો શાસ્ત્ર વિરૂદ્ધ, અયુક્ત, ખર્ચાળ અને દુર્દશાએ પહોંચાડનાર હોવાથી તેને નાબુદ કરવા આ સમાજ દરેક જ્ઞાતિ બંધુને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ ૨૦ મો. આપણી કોમની આર્થિક સ્થીતીનો મુખ્ય આધાર ખેતીવાડી ઉપર હોવાથી રાજ્ય તરફની મદદ મેળવવા અને આ ધંધાને ખીલવવા માટે એક બીજાની મદદની જરૂર હોવાથી સહકારી મંડળો સ્થાપવાની આ સમાજ આવસ્યક્તા માને છે અને તેને માટે બનતો પ્રયત્ન કરવા દરેક બંધુને ભલામણ કરે છે.

ઠરાવ ૨૧ મો. ગૌપાલન કરવું તે ખેતીવાડીના મુખ્ય સાધન રૂપ અને ધર્મયુક્ત હોવાથી ગૌપાલન કરવાનો આ સમાજ ઠરાવ કરે છે.

ઠરાવ ૨૨ મો. આપણી કોમની ખેતીવાડી અને કેળવણીની ખીલવણી કરવાના આશયથી "શ્રી કડવા પાટીદાર હીત વર્ધક મહા મંડળ" નામની જે સંસ્થા સ્થાપન થઇ છે તે સંસ્થાનું ફંડ વધી શકે અને જ્ઞાતિની ઉન્નતિ અર્થે નવાં ફંડો ઉઘરાવાની સરળતા થાય તે માટે ઉક્ત મંડળને નીચે પ્રમાણે ગોઠવણ કરવા આ સમાજ ભલામણ કરે છે.

अ. અન્ય જ્ઞાતિઓની હરીફાઇમાં આપણી કોમના ઉચ્ચ કેળવણી લેનારા વિદ્યાર્થિઓ પછાત ન રહી જાય તે સારૂ તેવા વિદ્યાર્થિઓને છુટથી મદદ કરવાની તથાઃ—

ब. આપણી કોમના વિદ્યાર્થિઓ આ મંડળની બોર્ડિંગનો છુટથી લાભ લઇ શકે તેવા પ્રકારનો તેનો વહીવટ સુધારવા તથાઃ—

क. આ મંડળનું કાર્ય વિશેષ લોકપ્રિય થાય તથા તેના ફંડમાં નાણાં ભરવાને જ્ઞાતિ બંધુઓ વિશેષે કરીને આકર્ષાય અને ઉક્ત મંડળના આશયો જ્ઞાતિ બંધુઓમાં વિશેષ પ્રીય બને તે માટે પોતાનું પરોપકારી કાર્ય વિશેષ પ્રમાણમાં જ્ઞાતિની જાણમાં લાવવાની વલણ ગ્રહણ કરવાની ભલામણ કરે છે.

ઠરાવ ૨૩ મો. આ સમાજે તરફથી શ્રી કડવા પાટીદાર હીતવર્ધક મહા મંડળને × × રકમ આપવામાં આવી છે તેથી આ સમાજ તરફથી ઉક્ત મંડળના સભાસદ તરિકે હાજર થઇ ઉક્ત રકમના પ્રમાણમાં મત આપવા માટે આ સમાજના જનરલ સેક્રેટરી મી. કેશવલાલ માધવલાલ વકીલને અધિકાર આપવામાં આવે છે.

ઠરાવ ૨૪ મો. ઉદારચિત સુપ્રસિદ્ધ શેઠ **ત્રીકમભાઇ ગોપાળદાસ**—આપણી જ્ઞાતિના ગરિબ ભાઇઓ અને વિદ્યાર્થિઓને આગળ વધારવાની કાળજી રાખી તેમને પ્રસંગોપાત જે મદદ કરે છે, અને આપણા ભાઇઓની શારીરિક સંપત્તિ જળવાઇ રહે અને આયુષ્ય લંબાય તે ઇરાદે માંદા અને રોગી માણસોની સગવડ સારૂ આરોગ્યતાના સિદ્ધાંતને અનુસરી યોગ્ય સ્થળે મોટી રકમ ખર્ચ કરી જ્ઞાતિના ઉપયોગ માટે **આરોગ્ય ભુવન** પુરૂ પાડવાની જે ઉદારતા દર્શાવી છે તે માટે આ સમાજ તેમનો આભાર માનવાનો ઠરાવ કરે છે અને જ્ઞાતિનાં પુત્ર તથા પુત્રીઓના હિતાર્થે તેમની પ્રવૃત્તિ વિશેષ લંબાવી પરમકૃપાળુ પરમાત્મા તેમને દીર્ઘાયુષ્ય બક્ષે એવી પ્રાર્થના કરે છે.

ઠરાવ ૨૫ મો. "શ્રી નિમાડ કડવા પાટીદાર સભા," આપણા ઉદ્દેશો બર લાવી જ્ઞાતિ ઉન્નતિ કરવાના કાર્યમાં આ સમાજને સહાયભૂત બની છે, તેને મદદ કરવાની આ સમાજ જરૂર સ્વીકારે છે અને કડવા વિજયમાં એક ફરમો બાળબોધ લીપી અને હીંદી ભાષામાં રાખવાની તેણે માગણી કરી છે તે માટે બનતુ કરવા આ સમાજ ઠરાવ કરે છે.

ઠરાવ ૨૬ મો. આપણી જ્ઞાતિના યુવક છોકરાઓનું ઉત્તમ આશયો વાળુ એક **"કડવા પાટીદાર સુધારક મંડળ"** સ્થપાયું છે તેને તન, મન અને ધનથી દરેક જ્ઞાતિ બંધુઓએ મદદ કરવાની જરૂર હોવાથી તે માટે આ સમાજ દરેક બંધુને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ ૨૭ મો. આ સંસ્થાનો ઉદ્દેશ વિશેષ સારી રીતે બરલાવવા માટે નીચે મુજબ પેટા ઑફીસો ખોલવાનો તથા પ્રત્યેક પેટા ઑફીસનું કામકાજ કરવા નીચેના જ્ઞાતિ હીત-ચિંતક બંધુઓને જોઇન્ટ સેક્રેટરીઓ તરીકે નિમવાનો ઠરાવ કરે છે, અને દરેક પેટા ઑફીસોએ પોતાના નામ ઉપર બતાવેલી રકમ આ સંસ્થાના ખર્ચ માટે દરસાલ મુખ્ય ઑફીસે મોકલી આપવા માટે આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

રકમ રૂ.	વિભાગ—પેટા ઑફીસ.	જો. સેક્રેટરીનું નામ.
૩૦૧	મુંબઇ અને કચ્છનો પ્રદેશ.	પા. મંગુભાઇ કીલાભાઇ. મુંબઇ.
૧૫૧	વડોદરા, સુરત અને ભરૂચનો વિભાગ.	પા. તુળજાભાઇ નાથાભાઇ. પાદરા.
૬૦૧	અમદાવાદ તથા પરાં અને પ્રાંતીજ મોડાસા.	પા. ત્રીકમલાલ દલપતરામ. અમદાવાદ.
૪૨૫	વિરમગામ અને ચુવાળનો પ્રદેશ,	પા. નાથાલાલ દામોદરદાસ. વીરમગામ.
૨૦૧	કડીપ્રાંત.	પા. રણછોડભાઇ જીવણદાસ. પા. રણછોડભાઇ શ્રીભાઇદાસ. સેરથા.
૨૫૧	દશક્રોશી ભાલ.	પા. પુરૂષોત્તમ લલુભાઇ બાવળા.
૬૦	ઝાલાવાડ, મચ્છુકાંઠો ધ્રાંગધ્રા.	પા. શીવલાલ પિતામ્બરદાસ. ટીકર રણની
૪૦	ગોહેલવાડ, ભાવનગર.	પા. જીવાભાઇ ખુશાલદાસ. ભાવનગર

ઠરાવ ૨૮ મો. ગઇ બેઠક વખતે ખોલવામાં આવેલા ખાસ ફંડનાં વસુલ થયેલાં અને વસુલ થવાનાં નાણાં આ સમાજના જનરલ ફંડનાં ગણી સમાજના કામમાં વાપરવાનો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ ૨૯ મો. આ સમાજના કામ માટે નીચે પ્રમાણે જ્ઞાતિહીત ચિંતક બંધુઓનું કાર્ય વાહક મંડળ નિમવામાં આવે છે અને દરેક કાર્ય વાહકને પોતાના કાર્ય પુરતો ખર્ચ

કરવાની સત્તા આપવામાં આવે છે તેમજ આ સમાજનાં તમામ જાતનાં ફંડ અને આવકનાં નાણાં ટ્રેઝરરને ત્યાં જમે મુકવા અને સમાજના કામના ખર્ચ માટે ઉપાડવાની જનરલ સેક્રેટરીને સત્તા આપવામાં આવે છે.

ટ્રેઝરરો. { કુમારશ્રી લાલસિંહજી રાયસિંહજી.
શેઠ ગોરધનદાસ મોહનલાલ. વિરમગામ.

ઓડીટર. મી. દલપતરામ કેશવલાલ. ,,

જનરલ સેક્રેટરી. મી. કેશવલાલ માધવલાલ વકીલ. વિરમગામ.

એડીશનલ ,, શેઠ મફાભાઇ ગોવીંદજી. વિરમગામ.

કડવા વિજયના અધિપતી અને પ્રકાશક. પા. મોતીલાલ કાળીદાસ. અમદાવાદ.

,, તંત્રી મી. મગનભાઇ ગોવીંદલાલ એન્જીનીઅર. અમદાવાદ

,, મેનેજર શેઠ મફાભાઇ ગોવીંદજી વિરમગામ

વ્યવસ્થાપક મંડળ.

કુમારશ્રી લાલસિંહજી રાયસિંહજી પ્રેસીડેન્ટ. વિરમગામ.
દેશાઇ અમરસિંહજી દેશાઇભાઇ ,,
શેઠ. ગોરધનદાસ મોહનલાલ ,,
પારી. લાલજીભાઈ દયારામ ,,
દેશાઈ. કાળીદાસ હરજીવનદાસ ,,
શેઠ દુર્ગાપ્રસાદભાઇ શંભુપ્રસાદ લશ્કરી. અમદાવાદ.
ડૉ. સાહેબ પિતામ્બરદાસ કુબેરદાસ એલ. એમ. એન્ડ એસ. ,,
પ્રૉફેસર જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ. એમ. એ. ,,
મી. શંભુપ્રસાદ ખોડીદાસ બી. એ., એલ. એલ. બી. ,,
શેઠ છગનલાલ નરોતમદાસ અધાર.
મી. કેસવલાલ માધવલાલ વકીલ. જનરલ સેક્રેટરી.

વ્યવસ્થાપક મંડળના મેમ્બરોની સંખ્યાની એક તૃત્યાંશની હાજરીએ કોરમ થયેલું ગણાશે.

ઠરાવ ૩૦ મો. સદ્દગત જ્ઞાતિભક્ત ભાઈ પુરૂષોત્તમદાસે પોતાની અમુલ્ય જીંદગીનો ભોગ આપી નિઃસ્વાર્થ પણે જ્ઞાતિ સેવા બજાવી જ્ઞાતિ ઉપર જે અહેશાન કર્યો છે તેના ઋણમાંથી મુક્ત થવા તેમજ જ્ઞાતિ સેવાની કદર જ્ઞાતિના વિદ્વાન અને ગૃહસ્થ વર્ગ કરી શકે છે તેનું ઉત્તમ દ્રષ્ટાંત બેસાડવાની આ સમાજ ફરજ સ્વીકારે છે તે માટે સદ્દગત જ્ઞાતિભક્તની સેવાની યાદગીરિ કાયમ રહે તેવું કાર્ય કરવા માટે એક ફંડ ખોલવાની જરૂર હોવાથી આ સંસ્થાના વ્યવસ્થાપક મંડળ તથા જે. સેક્રેટરીઓની એક કમીટી મેમ્બર વધારવાની સત્તા સાથે નિમવામાં આવે છે.

ઠરાવ ૩૧ મો. "શ્રી કડવા પાટીદાર સુધારક યુવક મંડળ" તરફથી કૈ. જ્ઞાતિભક્ત મી. પુરષોત્તમદાસની છબી આ સમાજને ભેટ આપવામાં આવે છે તે આ સમાજ આભાર સાથે સ્વીકારવાનો ઠરાવ કરે છે.

ઠરાવ ૩૨ મો. ખેડા જીલ્લાના ખેડુતો હાલમાં જે સંકટ સહન કરે છે તે તરફ આ સમાજ પોતાની અંતઃકરણની દિલસોજી જાહેર કરે છે અને તેઓની વ્યાજબી અરજ ધ્યાનમાં

લઇ ચાલુ સાલનું મહેસુલ મુલતી રાખી તેમને ન્યાય આપવા આ સમાજ ના. મુંબઈ સરકારને વિનંતી કરે છે.

ઠરાવ ૩૩ મો. ખેડુત વર્ગની ઉન્નતિને આડે આવનાર તથા તેમના માન અને પ્રતિષ્ટાને હાની પહોંચાડનાર વેઠનો કાયદો રદ કરવા ના. વડોદરા રાજ્યની ધારાસભાએ જે ઠરાવ કર્યો છે તે ઠરાવને જલદી અમલમાં મુકવા આ સમાજ ના. શ્રીમંતની સરકારને આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ ૩૪ મો. મરણ પાછળ જાહેર રસ્તા ઉપર રોવા કુટવાનો રિવાજ નાબુદ કરવા અને તે માટે કાયદો ઘડી તેનો અમલ કરવા ના. શ્રીમંતની સરકારને અરજ કરવાનો આ સમાજ ઠરાવ કરે છે.

ઠરાવ ૩૫ મો. આ સમાજની સાતમી બેઠક ભરવામાં ઘણી અગવડો વેઠી સેરથા ગામના જ્ઞાતિબંધુઓએ સમાજના કાર્યમાં જે ઉત્સાહ અને ખંતથી મદદ કરી છે તે માટે તેમનો–તથા જે જે યુવક બંધુઓએ ટુંક સમયમાં સમાજની બેઠક ભરી તેનું કાર્ય દીપાવવાનો પરિશ્રમ લીધો છે–અને જે જે ગ્રહસ્થોએ સમાજની બેઠક માટે જોઇતી વસ્તુઓ વાપરવા આપવાની ઉદારતા બતાવી છે તેમનો આ સમાજ આભાર માનવાનો ઠરાવ કરે છે.

ઠરાવ ૩૬ મો. આ સમાજ, તેની ચાલુ બેઠકમાં સટારણ અડચણોને લઇ પોતે હાજરી નહીં આપી શકવાના કારણથી જે જે બંધુઓએ તાર અને કાગળો દ્વારા સમાજના કાર્યપ્રત્યે સહાનુભૂતિ દર્શાવી ફત્તેહ ઇચ્છી છે તેમને ધન્યવાદ આપે છે.

ઠરાવ ૩૭ મો. આ બેઠકમાં પસાર થયેલા ઠરાવો યોગ્ય સ્થળે મોકલી આપવાનો અને તેનો અમલ કરવાનો અધિકાર મે. પ્રમુખ સાહેબને આપવાનો આ સમાજ ઠરાવ કરે છે.

ઠરાવ ૩૮ મો. આ બેઠકનું કામ શાંતિપૂર્વક પૂર્ણ કરવા માટે આ સમાજ મે. પ્રમુખ સાહેબનો ઉપકાર માને છે.

અપૂર્ણ.

શ્રી કડવા પાટીદાર સુધારક યુવક મંડળનું કામકાજ.

શ્રી કડવા પાટીદાર સુધારક યુવક મંડળની ઓર્ગેનાઈઝીંગ કમીટીની મીટીંગ તા. ૧૯–૫–૧૮ ને રોજ રા. નારાયણજીભાઈ રામજીભાઈ મીસ્ત્રીના પ્રમુખપદ નીચે શેરથા મુકામે મળી હતી. આ મીટીંગમાં મંડળના સભ્યો પૈકી ત્રીસેક મેમ્બરો તેમજ પ્રૉ. જેઠાલાલભાઈ તથા કેશવલાલભાઇ વકીલ રા. બેચરભાઇ તથા જેઠાભાઇ, એન્જીનીઅર મી. મગનભાઈ તથા શ્રીયુત દેસાઈ ચંદુલાલભાઈ રા. મોતીલાલભાઇ વગેરે મળી મંડળના મેમ્બરો સિવાયના અન્ય આશરે દોઢસો જ્ઞાતિબંધુઓએ તેમાં ભાગ લીધો હતો. બપોરના ૨–૩૦ મી. થતાંજ નીયમ પ્રમાણે પ્રેસીડેન્ટ, ઉક્ત વિદ્વાન ભાઇઓની સાથે આવી પહોંચતાં સભાના કામકાજની શરૂઆત કરતાં મુંબાઇવાળા ભાઇ વિઠલભાઇએ દરખાસ્ત કરી કે. રા. નારાયણજીભાઈ આજની સભાના અધ્યક્ષ તરીકે બીરાજી આપણને ઉપકૃત કરશે એજ મારા અંતઃકરણથી હું દરખાસ્ત કરૂં છું. આ દરખાસ્તને આ મંડળના સેક્રેટરી મી. માણેકલાલ તરફથી અનુમોદન મળતાં તે સર્વાનુંમતે પાસ થવાથી રા. નારાયણભાઇ મીસ્ત્રીએ પોતાની પ્રમુખ પદની જગ્યા સ્વિકારતાં જણાવ્યું કે:—

પ્રાણાત્મ બંધુઓ ! આપે યુવકોના નેતા તરીકે મને જે અમુલ્ય માન આપ્યું છે તે ખાતર હું આપનો ઉપકાર માનું છું છતાં એટલું તો ચોક્કસ જ છે કે જ્ઞાતિની અંદરથી કોઈ

પણ મારાથી વિશેષ લાયક જ્ઞાતિભક્તને આ જગા આપી હોત તો હું માનું છું કે તમો ઘણું સારૂં કાર્ય કરી શકત. છતાં પણ જ્યારે તમારી લાગણી મારા તરફજ છે, ત્યારે હું તમારી સેવા બજાવવા યથાર્થ કરીશ. તમારા સેક્રેટરીએ જે શબ્દોમાં મારાં વખાણ કર્યાં છે તે માટે હું લાયક નથી અને મારાં વખાણ કરી તમે મને મારા સેવારૂપી કૃર્તવ્ય ધર્મ-માંથી ચલાયમાન થવાનો માર્ગ બતાવ્યો છે, છતાં પણ ઇશ્વર મને બુદ્ધિ અને સામર્થ્ય બક્ષી મારી ફરજ બજાવવા મને શક્તિવાન કરે એવી હું પ્રાર્થના કરૂં છું.

જ્ઞાતિના ભવિષ્યની ઉમદી આશાઓ !! તમોએ જ્ઞાતિસુધારાના ક્ષેત્રમાં ઝંપલાવવાની જરૂરીઆત જોઇએ છે તે જોઈ મને અત્યંત આનંદ થાય છે. આપણા દેશમાં અનેક યુવાનોએ પરદેશી સત્તાઓના જુલ્માટ અને અધર્મના વિરૂદ્ધ ઝુંડો ઉઠાવી પ્રાણની આહુતીઓ આપવામાં પાછી પાની કરી નથી અને તેના પરિણામે આજે સનાતન ધર્મ, સૃષ્ટિના માર્ગોમાં કેન્દ્ર ભોગવતોજ રહ્યો છે. સેવા ધર્મના રહસ્યને જાણી સેવા ઉઠાવવા આજ તમે તત્પર થયા છો તેમાં ગંભિર મુશ્કેલીઓ ને અનેક સંકટો તમારી રાહ જોઇનેજ ઉભાં રહ્યાં છે. પરંતુ તમે જ્ઞાતિની ઉત્તમ સંપત્તિ સમાન યુવકોના પવિત્ર પુરુષાર્થ સામે-હું ખાત્રી આપું છું કે એક પણ મુશ્કેલી ટકી શકસેજ નહિ. અશાસ્ત્રોક્ત રિવાજો નાબુદ કરવા તમારો પવિત્ર ઉદ્દેશ તમને દીપાવે તેવોજ છે અને તેથી જ્ઞાતિ ઉન્નતિ જલદીથી સાધી શકાશે એમ હું આપને જણાવું છું. આપણાં ધર્મશાસ્ત્રો ઉપરથીજ તમે તમારો ધર્મ નક્કી કરો, તમારી ફરજ શીખો અને કર્તવ્ય પરાયણતા અને વિશુદ્ધ પ્રેમના ઉત્તમ પાઠો પણ તેમાંથીજ શોધી કાઢો. જ્યારે આપણા ભાઇઓ અને બ્હેનોની સ્થિતી વિષે વિચાર કરીએ છીએ ત્યારે આપણા દુઃખી જીવનનું આપણને ભાન થાય છે. લગ્નનો પવિત્ર આશય રાખી સ્ત્રી પુરુષનું જોડાણ એજ ગૃહસ્થાશ્રમને નિભાવી રાખવાનું ધાર્મિક ફરમાન છે. મંડળ સ્થાપો યા ન સ્થાપો પણ જ્યાં સુધી પ્રત્યેક જ્ઞાતિબંધુ પ્રત્યે તમારા હૃદયમાં શુભેચ્છા અને સહાનુંભૂતિ પ્રગટે નહિ ત્યાં સુધી કંઇ કામનું નથી.

જ્ઞાતિમાં જડ ઘાલી બેઠેલા અનિષ્ટ રીત રિવાજોમાં બાલલગ્ન સૌથી આગળ છે અને તેને અંગે નિકળેલા અન્ય ખોટા રિવાજો તમારા હાથથીજ પ્રથમ બંધ થવા જોવાની હું ઉમેદ રાખુછું. આ એક વિશાળ કામ છે, તેને હલાવવા માટે ભારે બળની જરૂર છે. આપણી જાતિ ઉપર આપણી બુદ્ધિ ઉપર, આપણી શક્તિ ઉપર મને સંપૂર્ણ ભરોંસો છે. તેથીજ મને લાગે છે કે મહાન ભાવી આપણા માટે સાનુકુળ છે. મારા યુવાન વીરો ! આળસ તજીદો. કમર કસો અને આપણી જ્ઞાતિ સેવાને પરમ ધર્મ સમજો. જ્ઞાતિ સેવાનું વ્રત સાધારણ નથી. એ વ્રત પાર પાડવાનું કામ તરવારની ધાર પર ચાલવા સમાન છે. તમારો અડગ નિશ્ચય એવો જોઇએ કે, અમે અમારૂં ખાનગી રીતે સર્વે ગુમાવીશું તોપણ અમે પાછા હઠશુ નહિ, પ્રશ્ચાતાપ કરશું નહિ. આવા શુદ્ધ હૃદયના ભાવથી ખચીત માનજો કે આપણો વિજય છે. આપણો ઉદ્યોગ સફળ થશે. તમારી યુવાવસ્થાજ તમારા સેવા ધર્મના બોજાને ઉઠાવવા લાયક છે, અને નહિ કે જ્યારે તમારાં તન મન સર્વે ગળી જઈ તમારી વૃદ્ધાવસ્થા પોતાની સત્તા સ્થાપી દે તે વખતઃ તમારામાં વીર્ય છે, ચેતન છે, ઉત્સાહ છે, કામ કરવાનો આજ અવસર છે. પ્રભુને ચરણે છેવટમાં કહેતાં સુકાએલાં, કરમાએલાં, અને કચરાએલાં પુષ્પો અર્પણ ન થાય પણ તાજાં, ખીલેલાં, સુગંધવાળાં કોઇએ જેને સ્પર્શ કર્યો નથી

એવાં કોમળ પુષ્પોજ અર્પણ કરવા યોગ્ય છે. તમે આનું મહત્વ સમજો એટલું કહી છેવટે ફરીને તમે તમારા આજના વીર સુધારક મંડળની સ્થાપના કરવાનું ઉત્તમ કાર્ય કરવા જે મને લાભ આપ્યો છે તેને સારૂં હું ફરીથી આપનો ઉપકાર માનુંછું. ત્યાર બાદ આજ સુધી સુધારાની હીલચાલ અને મંડળની આવશ્યકતા ઉપર થોડું પ્રાસંગિક વિવેચન કરી સેક્રેટરીએ મંડળના ઉદ્દેશ અને નિયમો વગેરેનું મેમોરેન્ડમ વાંચી સંભળાવ્યું હતું ત્યાર પછી:—

ઠરાવ ૧ લો. પ્રેસિડન્ટ સાહેબ તરફથી:—આ મીટીંગ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની અને કડવાવિજયના આદ્ય તંત્રીના અકાળે થએલા કૈલાસવાસ માટે પોતાના અંતઃકરણની ઉંડી દીલગીરી જાહેર કરે છે, અને તેમના કુટંબને આવેલી આફત ઈશ્વર તેમને સહન કરવા સબળ કરે અને સદ્ગતના આત્માને શાન્તિ અર્પે એવી પ્રાર્થના કરે છે. આ ઠરાવ સર્વાનુંમતે સઘળાએ ઉભા થઇ દીલગીરી વચ્ચે પાસ કર્યો હતો.

ઠરાવ ૨ જો. આ મિટીંગ સદ્ગત તંત્રીએ કરેલા જ્ઞાતિ ઉપર અમુલ્ય ઉપકાર તથા મરણ પર્યંત તેમ કરવામાં આપેલા સ્વાત્મભોગની એકી અવાજે નોંધ લે છે. અને જે સંસ્થાની તેમણે પૂર ઉમંગથી સેક્રેટરી તરીકે અનન્ય સેવા બજાવેલી છે તે શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજને સદ્ગતની એક છબી તૈયાર કરાવી મંડળ તરફથી ભેટ આપવાનો ઠરાવ કરે છે.

આ ઠરાવ છબીલભાઇ તરફથી રજુ થએલો અને નાથાભાઇ પ્રાણજીવનભાઇ ને કાનજીભાઇએ અનુમોદન આપી પસાર કર્યો હતો.

ઠરાવ ૩ જો. આ મીટીંગ ઠરાવ કરે છે કે આવતા જુન મહિનાના પહેલા અઠવાડીઆમાં આ મંડળના બંધારણને નક્કિ કરવા સારૂં જનરલ મીટીંગ બોલાવવી તથા તે અથવા તેના બીજા દિવસે મંડળનો પ્રથમોત્સવ ઉજવવો.

આ ઠરાવ કુબેરભાઇએ રજુ કરી સર્વાનુંમતે પસાર થયો હતો.

ઠરાવ ૪ થો. મંડળના ઉદ્દેશ બર લાવવા સારૂ આ મીટીંગ મંડળના દરેક મેમ્બરને પોતાની ફરજ સમજી તેના તરફથી ઊઘાડવામાં આવેલા જનરલ ફંડ તેમજ તે સાથે લાયબ્રેરી ફંડમાં છેવટ એક પૈસા જેવી રકમ માંગી લાવવા પોતાનું કર્તવ્ય સમજવા દરેક બંધુઓને વીનંતિ કરે છે.

આ ઠરાવ પ્રેસીડેન્ટ તરફથી રજુ થતાં સર્વાનુંમતે પસાર થયો હતો.

ઠરાવ ૫ મો. સેરથા ગામમાં મંડળના નિયમાનુંસાર પાંચથી વધારે મેમ્બરો થઇ જવાથી આ મિટીંગ અહિં શ્રી કડવા પાટીદાર સુધારક યુવક મંડળની શાખા ખોલે છે. અને આશા રાખે છે કે ભવિષ્યમાં આ ગામના યુવક બંધુઓ હંમેશ મુખ્ય મંડળ સાથે સંયુક્ત રહી બીજા આસપાસના ગામોમાં પોતાની શાખાઓ ખોલવામાં પ્રયાસ ઉઠાવશે.

આ ઠરાવ ધર્માભાઇ તરફથી રજુ થતાં નાથાભાઈએ ટેકો આપતાં સર્વાનુંમતે પસાર થયો હતો.

ઠરાવ ૬ ઠો. જ્ઞાતિમાં આ મંડળના મેમ્બરો કરવા સારૂ હાલના લીસ્ટ ઉપરના મેમ્બરો પૈકી જુદા જુદા ભાગમાં ડેપ્યુટેશન દ્વારા ઉપદેશ કરી મેમ્બર વધારવા આ મીટીંગ ઠરાવ કરે છે. આ ઠરાવ હરીલાલભાઇ તથા કુબેરભાઇ તથા અંબાલાલ તરફથી આવતાં સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ ૭ મો. જ્યાં સુધી જનરલ મીટીંગ મળે નહિ ત્યાં સુધી ઉપરના ઠરાવો તેમજ મંડળનો સામાન્ય ઉદ્દેશ પાર પડે તેવાં હરેક કામની યોજના કરવા એક આર્ગેનાઇઝીંગ કમીટીની નીમણુંક કરવાની જરૂર હોવાથી નીચેના મેમ્બરોની એક ઓર્ગે-નાઈઝીંગ કમીટી નીમે છે.

ઓર્ગેનાઇઝીંગ કમીટીના સભ્યોનાં નામઃ—

માણેકલાલ ગોવીંદલાલ અમદાવાદ	રામલાલ હરીલાલ અમદાવાદ
નગીનભાઇ વ્રજલાલ ,,	બાલાભાઇ પુરૂષોત્તમ સાણંદ
છગીલભાઇ છોટાલાલ ,,	હરિલાલ જગજીવન કેરાળા
લલ્લુભાઇ સોમનાથ વિરમગામ	છોટાભાઈ મુળજીભાઇ તરસાળી
કુબેરભાઇ છોટાલાલ ,,	કાનજીભાઇ શીવલાલ ચાણસ્મા
લાલભાઇ ગોપાલભાઇ ,,	છોટાભાઇ રાયજીભાઇ ગણપતપુરા
લધાભાઇ વિરજી ગાટકૂપર	વિઠલભાઇ જેસીંગભાઇ સરઢવ
પ્રાણજીવન વ્રજલાલ પાટડી	શામળભાઇ પુરૂષોત્તમ તતારપુરા
ગોકલદાસ પ્રાણદાસ સેરથા	ભગવાનજી જીભાઇ પાતરવેણી
કુંવરજીભાઇ ભાઇજીદાસ ગોમતીપુર	ગોવીંદલાલ ત્રીકમલાલ અમદાવાદ

આ ઠરાવ સેક્રેટરીએ રજુ કરતાં ઉપર મુજબ કમીટી નીમાણી હતી.

ઠરાવ ૮ મો. મહેરબાન પ્રેસિડેન્ટ સાહેબે અત્રે પધારી આપણુને કરેલા ઉપદેશને સારૂ આપણે તેમનો અહેશાન માનીએ છીએ. આ ઠરાવ પ્રાણજીવનદાસ તરફથી રજુ થતાં ચુનીલાલભાઇએ અનુમોદન આપતાં પસાર થતો હતો.

ઠરાવ બીજો રજુ થયા પછી સેક્રેટરી હસ્તક કૈલાસવાસી પુરૂષોત્તમદાસ ભાઇની છબી પ્રેસીડેન્ટને અર્પણ કરતાં તેમણે ઉઘાડી મુકી તેને ફુલહારથી શણગારી દીલગીરી અને ઉત્સાહમાં મંડળનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો હતો.

ઉપરાંત ઠરાવ ૪ થા ના સંબંધમાં પ્રેસીડેન્ટ સાહેબે ફંડની ઉપયોગિતા અને સાગર-સમાન જ્ઞાતિમાં આવી નાની સંસ્થા નભાવવી ઘણીજ સ્હેલ છે એમ ઉપદેશી પોતે પોતાનું નામ આ મંડળના સહાયક તરીકે આપી ફંડની શરૂઆત કરી હતી.

જનરલ ફંડમાં આજ મીટીંગમાં નાણાં ભરાયાં તે નીચે મુજબ છે.

પેટ્રન.	રા. રા. ચંદુલાલ મણીલાલ દેસાઇ વિરમગામ	રૂ.	૧૦૦—વસુલ.
સહાયક	,, નારાયણજી રામજીભાઇ ઘાટકૂપર	રૂ.	૨૫
,,	,, બેચરભાઇ રાયજીભાઇ ગણપતપુરા	રૂ.	૨૫
,,	,, મગનભાઇ ગોવીંદલાલ અમદાવાદ	રૂ.	૨૫—વસુલ.
,,	,, મફાભાઇ ગોવીંદજી વિરમગામ	રૂ.	૨૫
જનરલ ફંડમાં	,, મોતીલાલ કાળીદાસ અમદાવાદ	રૂ.	૧૧
	,, શીવલાલભાઇ સોમનાથ મુંબાઈ	રૂ.	૧૦—વસુલ.

ઉપરના સદ્‌ગૃહસ્થોને સારૂ સેક્રેટરીએ પોતાના આખા મંડળ તરફથી ઉપકાર માની પોતાને વધારે ને વધારે ઉત્તેજીત કરવા સર્વે ભાઇઓને વિનવ્યું હતું. ત્યારબાદ પ્રમુખ સાહેબે છેવટનું વિવેચન કરતાં કહ્યું કે ભાઇઓ! એક અડગ હિંમતથી એકસંપી રહો, કાર્ય

કરો, સત્યનોજ જય છે, હું તમારી ફત્તેહ ઇચ્છું છું અને કાર્યની અંદર તમારા પવિત્ર ઉદ્દેશો પરોવી દઇ ઉત્તમ દૃષ્ટાંત પાડશો એવી આશા રાખું છું. ભાઇઓ ફરીને આપે મને આપેલા માન બદલ હું આપનો ઉપકાર માની સભા બરખાસ્ત થએલી જાહેર કરૂં છું.

ફંડમાં ભરાયેલી બીજી રકમો.

સહાયક.	દેશાઇશ્રી શીવસિંહજી રાયસિંહજી. વિરમગામ.	રૂ.	૨૫
જનરલફંડમાં	રા. રા. મણીલાલ હરીભાઇ. કે. વાસણા	રૂ.	૧૧
,,	,, કાળીદાસ હરજીવનદાસ, વિરમગામ	રૂ.	૫—વસુલ.
,,	,, કેસવલાલ માધવલાલ વકીલ.	રૂ.	૫
,,	,, અમરસિંહજી દેશાઇભાઇ	રૂ.	૫—વસુલ.
પૈસાફંડમાં.	શ્રી. કડવા પા. શુ. સમાજની સેરથાની બેઠકમાં	રૂ.	૧૦।=।।—રોકડા.

મુંબઇની પેટાશાખાએ કીધેલું ફંડ.

સહાયક.	રા. રા. રતનસીભાઇ કરસન. મુંબઈ	રૂ.	૫૦
જનરલફંડમાં	,, વાલજીભાઇ રામજીભાઇ ,,	રૂ.	૧૫
,,	જે ગૃહસ્થોનાં નામ હવે પછી આપીશું.	રૂ.	૯૦
ભરાયેલાં કુલ્લ નાણાં રૂ. ૩૬૭।=।। તેમાંથી વસુલ આવ્યા		રૂ.	૧૫૫।=।।

શ્રી કડવા પાટીદાર સુ. યુવક મંડળની

પેટા ઑફીસો અને તેના સેક્રેટરીઓ.

મુંબઈ—મીસ્ત્રી. લધાભાઈ વીરજી. ઠે. જૈન દેરાસરપાસે છેલ્લા કમ્પાઉન્ડમાં. મુ. ઘાટકુપર.
વિરમગામ—મી. પરભુભાઈ પુરૂષોત્તમ ઠે. કડવા વિજય ઑફીસ.
પાટડી—દેશાઇ પ્રાણજીવનભાઇ વૃજલાલ.
સેરથા—પટેલ ધરમાભાઇ ત્રીકમદાસ તા. કલોલ.
ગણપતપુરા—રા. છોટાભાઈ રાયજીભાઈ. ઠે. મિયાંગામ સ્ટેશન પાસે.
કંડ—પટેલ પુરૂષોત્તમભાઇ ખુસાલદાસ તા. કડી.

સુચના—જે ગામમાં પાંચ કરતાં વધારે મેમ્બરો હોય તેવા દરેક ઠેકાણે આ મંડળની પેટા શાખાઓ ખોલી શકાય છે. જ્ઞાતિના ૧૬ થી ૩૦ વર્ષના દરેક યુવકે પોતાનો ધર્મ સમજી મેમ્બર તરિકે પોતાનું નામ નોંધાવાની જરૂર છે. (પુંઠાપર છાપેલી વિજ્ઞપ્તિ જુઓ.) મેમ્બર થવા માટે દરેક યુવક બંધુએ નીચેના ઠેકાણેથી અંગીકરણ પત્ર મંગાવી લઇ ભરી મોકલવું.

માણેકલાલ ગોવિંદલાલ પરિખ
ઓ. સેક્રેટરી.
૩૦૩ વાડીગાંમ—અમદાવાદ.

મીઠી નજરમાં કૃતકૃત્યતા.

(૧)

શિશિરના દિવસો પુરા થઇ જવા આવ્યા હતા; શિશિર અને વસંતની વચ્ચે હેમંત રૂતુનું સામ્રાજ્ય કુદરત ઉપર ચાલતું હતું. પશુ પક્ષી માનવ વગેરે સર્વે શિશિરની ઠંડીથી કંટાળી અજાણે અજાણે વસંતના મોઘા આનંદપ્રદ દિવસોની રાહ જોઈ રહેતા હોય તેમ ઉત્સુક રહેતાં હતાં. વિશ્વની વિચિત્રતા માત્ર એટલીજ કે સમગ્ર સૃષ્ટિના સર્વે નટો એ વિશ્વવાહના નિયમની દૃષ્ટિ અનુસંધાન પોતાના નૃત્ય કરી રહે છે. કરે છે તો બધાંએ નૃત્યજ, ફરક માત્ર એ નચાવનારની કૃતિનો છે. કોઈ આનંદમાં તો કોઇ ગ્લાનિમાં, કોઇ આશામાં તો કોઈ નિરાશામાં, કોઈ સુખેતો કોઈ દુઃખે, એ ઘડી પસાર કેમ કરી કાઢવી તેનીજ ત્રેવડમાં રમ્યાં કરે છે. દિવસના દુઃખમય પ્રપંચી ખેલોથી પાછાં ફરતાં હોય તેમ મનુષ્યો પોતાની બાજી પાછી સંહરતાં હતાં ,ઘટિકાયંત્રમાં પાંચ વાગી ગયા હતા. સૂર્યનારણે પોતાના ઉતરતા અમલમાં સૃષ્ટિને કંઇક કંઇક વિશેષ સુખ આપવાનો માર્ગ અંગિકાર કર્યો હતો. પવન પણ સુરભિ ધીમે ધીમે ઠંડો વાયા કરતો હતો. ઘડીકભર બંધ થઇ જાય તો વળી ફરીથી દુઃખી મનુષ્યના ગાત્રને ટાઢક વાળતો હતો. મીથ્યા માનવી દુઃખી દિલને વિસરી જઈ ઘડીભર પોતાથી ઉચ્ચ પ્રકારના વિચારમાં તલ્લિન થઈ જતું હોય તો તેનું સાર્થક ગણી શકાય તેવો સમય પસાર થતો હતો.

એક નાના સરિખા બંગલાની આગળની બાજુએ નાના પ્રકારનો રમ્ય બગીચો પણ કરવામાં આવેલો હતો. ગુલાબ મોગરો ચંપો વગેરે છુટાં છુટાં ખીલી નીકળ્યાં હતાં. જુઈ માલતી વગેરે નાના પ્રકારની વેલ ઠેક ઠેકાણે ચઢાવવામાં આવી હતી. પરદેશી તેમજ દેશી પુષ્પોથી બગીચો કોઈ અનેરી સુગંધ આપી રહ્યો હતો. અને દેશી વિદેશી પુષ્પસમ, આપણને દેશી વિદેશીને પણ ઐક્યમાં રહી અનેરી સુગંધ ફેલાવવા જાણે દૃષ્ટાંત ઉત્પન્ન થયું ન હોય; પરંતુ સાક્ષાત્ કુદરતનીજ કૃતિ હોય તેવા એક માર્ગિય બગીચાની રમણિયતા આ વિદેશી પુષ્પોનું અસ્તિત્વ સ્વિકારી શકતીજ નથી. એણેતો ઐક્ય પોતાની જાતિમાં સવિશેષ જોયું છે અને એટલુંજ માત્ર આપણને હાલના સમય માટે દૃષ્ટાંતરૂપ ઇશ્વરે નિયત કર્યું છે. કાળ જતાં તેને દેશી વિદેશીના ઐક્યની ઔર સુન્દરતાનું દર્શન કરાવવું હશે તો ભલે! નાનકડાં સૂર્યમુખી ઉપર સૂર્યનારાયણના સોનેરી કિરણો તેમના રંગમાં ઉમેરો કરી અવનવા રંગ ઉત્પન્ન કરતાં હતાં તેની શ્રેષ્ઠતા તો પવનમાં જ્યારે જ્યારે સઘળાં સાથે સાથે ડોલતાં, પોતાની ડાળાઓ પાનથી હિંચ લેતાં ત્યારે જણાઈ આવતી હતી. પોતાની આ ગમતમાં ક્યારેક્યારે પવન મધુરો નાદ ઉત્પન્ન કરાવતો ત્યારે માત્ર તેમની આનંદોર્મિઓનુંજ સ્મરણ થતું હતું, પણ કેટલાક નાનકડા રોપાઓ પવનના ઝપાટામાં કોઈ કોઈવાર જમીન સરખાં થઈ રહેતાં ત્યારે કુમળાં બાળકો ઉપર અચાનક આફત આવી પડે અને સહન ન કરી શકે તે દેખાડતાં હતાં.

આ સર્વેનું દર્શન કરતી, તે વિશે વિધવિધ ચર્ચા કરતી બગીચામાં સંતાતી સંતાતી બે મનોહર કુમારી, વસન્ત અને હેમન્ત જાણે વનદેવીની વ્હાલી પુત્રીઓ હોય, અથવા તો

ઉતરતી હેમન્તને વળાવવા અને આવતી વસન્તને આમંત્રણ કરવા બે વ્રતધારિણિ કુસુમ-દેવીઓ હોય, આસપાસની રમણીય કુદરતની એક એકથી ચઢી જતી, ચન્દ્રલેખા હોય, ઓજસમાં કૌમાર્યાવસ્થાની જાણે પસંદ કરેલી શિષ્યા હોય તેમ, આનંદમગ્ન ફરતી હતી. ઉંમરે બે સરખીજ હતી અને સહિયરપણામાં પણ સરખીજ હતી. કુમારી અવસ્થાને ઉચિત વસ્ત્રોમાં બન્ને પરિધાન થએલી હતી. એક કંઈક જરા કિંમતિ વસ્ત્રો તથા સૌભાગ્યના અલંકારમાં બીજીથી જુદી પડતી હતી. એક રંગ બેરંગી સુન્દર વસ્ત્રોમાં શરીરને સંતાડવા મથન કરી રહી હતી, ત્યારે બીજી સાદાં શ્વેત વસ્ત્રોમાં શોભતી હતી. **किमिव न मण्डनं मधुराणां ह्याकृतीनाम् ॥** મધુર મુખાકૃતિને શું અલંકાર રૂપે નથી ? બેઉ પોતપોતાની જુદિજ રીતિમાં દીપતી હતી. શ્રીમંત બાળાના રંગ બેરંગી પોશાકના રંગ તેના શરીરમાં પણ ઉતરી જઈ રંગ બેરંગી જીવન પ્રદર્શિત કરે તો નવાઈ નહિ. ત્યારે બીજી કદાચ એકજ રંગી જીવન ગાળે તે પણ બને; અથવા કોને ખબર વિશ્વમાં રંગ બેરંગીપણા સિવાય કંઈજ નથી. એક રંગતા સંભવે કે નહિ? સંભવે પણ ખરી.

“ સરિત્ બ્હેન ! જોને આ માલતી, જાસુદ, જુઇ કેવાં નાના પ્રકારે ડોલે છે ” અધિરી થતી સુમને સખીને પુછ્યું.

“ એતો એ સુરભિ વાયુ ઘડીક ઘડીક સ્વહસ્તે તેમને નચાવે છે નચાવે, જોતો બ્હેન એમનું મધુરૂં નૃત્ય, કેવાં એકમેકને ભેટે છે, શું તેમના આનંદની આ પરિસીમા તો નજ હોય ?” સખીએ પ્રત્યુત્તર વાળતા તેમના આનન્દી જીવનની મર્યાદા દોરી.

“ એતો બ્હેન આનન્દે એમનો અને આનંદની પરિસીમા પણ એમને ભાગ્ય. શું પ્રભુએ રૂપ સર્જ્યાં છે. ” સુમને પુષ્પના આનન્દની અવધિ જોઇ.

“ જાણે વસંતઋતુને રમવાને ભગવતી વનદેવીએ ભેટ કરી ન હોય!” સરિતે કહ્યું.

“ પણ વસન્તઋતુના રમકડાં ભગવાન મદનરાજ સિવાય, અન્યને સ્પર્શ્ય નજ હોઈ શકે, તે પ્રતિ વિકારી દૃષ્ટિ નાંખવાનો અન્યનો અધિકાર શો ? ” સુમને જરા ચકિત થતાં વ્યંગ્ય કર્યું.

“ શું તું ભગવાન્ સૂર્ય પોતાના કિરણો વડે આલિંગે છે તે વિશે તારી અસહ્યતા જણાવે છે ?” સરિતે તેના પ્રશ્નને સત્ય રૂપ આપ્યું.

“ પણ જો તો સખિ ! સૂર્ય ભગવાન વાત્સલ્ય સ્નેહના ઉમળકામાં મીઠી મીઠી ચુંમી લેતાં તેમનો સંગ મૂકતાં અચકાય છે. તે માત્ર હું તો કહુંછું. ” સુમને ફરીથી તેને તે સ્વરૂપમાં પોતાના વિચારને પલટયો.

“ એતો બ્હેન ! એમને આશિર્વાદ છે.” સરિતે સ્પષ્ટ કર્યું.

“ આશિર્વાદ છે કે લ્હાવો છે. એ આશાના સૂત્રેજ એમનું જીવન છે, એમનીએ મીઠી નજરમાં આ બાપડાં આપડાં જેવાં કુસુમો પોતાને કૃતકૃત્ય માને છે ” સુમને પોતાના હૃદયના ઉંડા ભાવને પ્રદર્શિત કરતાં કહ્યું.

“ પણ તમારી સુમન બ્હેન શામાં કૃતકૃત્યતા?” સરિતે પ્રસ્તુતને પલટાવતાં કહ્યું.

"આપણે વળી સંસારી જીવોને કૃતકૃત્યતા શી ?" સુમને વિષયને ત્યાંથીજ અટકાવવા પ્રત્યુત્તર પણ તેવોજ વાળ્યો.

"કેમ તેં કહ્યું તેમ **મીઠી નજરમાં કૃતકૃત્યતા.**" સરિતે હસતાં હસતાં આગ્રહ કર્યો.

"હા, હા, તેતો સાચુંજ નહિંતો અંધારામાં આ વાસંતિલતા ફાલતજ કે ? સૂર્યદેવના રશ્મિઓમાંથી આત્મજીવનની એ લતાએ અનેરી બક્ષીસ માંગી લીધી છે, અને રૂતુરાજી વસંત તેથી વિશેષ પ્રસન્ન છે." સુમને સત્યનો સ્વિકાર કર્યો.

"પણ સુમન ! સમજકે લતા પોતે પણ પ્રસન્ન છે તો તેની પ્રસન્નતાથી શું ?" સરિતે તેના કર્તવ્યનો વિષય ઉઘાડયો.

"સૃષ્ટિ સમાજને તેની મધુરી સુગંધ ફેલાવવા તે સદા પોતાને સદ્‌ભાગી માને છે અને આપણે જો ન સમજી તેનો અનાદર કરીએ તો પછી એનો શો વાંક ?" સુમને વિશ્વપ્રેમની સૃષ્ટિ બતાવી.

"ઠીક સુમન ! એની એ ઉદારતાતો જોઇ, પણ એને બીજું કાંઈ કરવાનું બાકી રહે છે કે ખલાસ ?" સરિતે અસંતોષ બતાવ્યો.

"બીજું કાંઈ બાકી રહેતુંજ નથી. તું કેમ ભૂલે છે આત્મજીવનનો વિકાસ થાય, અને પ્રસન્નતા સિદ્ધ રહે તો પછી બીજી સિદ્ધિ કાંઇ રહેતીજ નથી." સુમને અડગ નિશ્ચય બતાવ્યો.

"સાચ્ચ કે સિદ્ધિ સુમન બ્હેન ! બીજી કાંઇજ રહેતી નથી, પણ આ નાજુકડા દેહને પોતાની કળાનો ભોક્તા ખોળવાની—

"કહેને કદર કરાવવાની—

"હા, હા, સુમન, સમજી ખરી, કદર કરાવવાની ઇશ્વિરે પ્રકૃતિ પાડી છે." સરિત હસી પડી અને સુમનના ગુલાબની પાંખડી સમાન વદન ઉપર ટકોરો મારતાં બોલી.

"તો પછી આ સ્વભાવ છૂટે કે ?" સરિતે પુનઃ લપડાક મારી.

"લે, જા, સરિત ! હું કહું છું કે માલતી વાસંતીનો એ સ્વભાવજ નથી; અને એને સંસારી જીવો સાથે સરખાવી શકાયજ નહિ. એને તું ક્ષુદ્ર સંસારી જીવો સમજીશ ના !" સુમને ફરી અડગતા ધારી.

"એમ કે ! જો એમનો સ્વભાવજ નથી તો એમને એ પ્રિયતો છેજ કે નહિ ?" સરિતે ધીમે ધીમે શરૂઆત કરી.

"ઇશ્વિરની એ કૃતિ છે અને આપણા સ્વભાવનું આરોપણ આપણે કરી શકીએ નહિં." સુમને ફરીને ભિન્નતાની લીટી દોરતાં જણાવ્યું.

"એ બધું સાચું છે એનો એ સ્વભાવજ નથી વગેરે સમજાવે છે, પણ તુંજ કહેને કમલિની ભ્રમરને આશ્રય કેમ આપે છે ? એ શું મોહ નહિ ?" સરિતે સુમનને ટુંકી પકડી.

"મોહ કે મુગ્ધતા જો સંભવતી હોય તો તે ભ્રમરના સ્પર્શ પછીજ." સરિત ! કમલિની પ્રથમતો નિષ્કલંક—

"તારા જેવી સુમન, નિષ્કલંક." સરિતે કટાક્ષ કરી.

"નિષ્કલંક પોતાની ઘડીપળ પુરી કરી નાંખે છે." સુમને વાક્ય પુરૂં કર્યું.

"સુમન! મારે મનતો એ પાછળ પણ નિષ્કલંકજ છે અને પ્રેમનો નમુનો છે; એની તો પળેપળ નિષ્કલંકજ પુરી થાય છે." સરિતે થોડીવાર હા કહી.

"ભ્રમરને એ આશ્રય આપે છે તેથી તેનો સ્વભાવ વિકારી છે એમ સમજાય-જ નહિ. ભ્રમરને એ કાંઈ શોધવા જતી નથી. એનો તો માર્ગ ન્યારોજ છે એ કાંઇ ભ્રમરની અપેક્ષા કરતીજ નથી. ભ્રમર જેવાં અનેક પિપાસુ તેના ફરતાં ભટક્યા કરે પણ એને કયાં એની દરકાર છે. એમને એમ વગરપુછ્યું, વગરબોલ્યું સમોવડી સખીઓની સંગમાંજ જીવન પુરૂ કરી નાંખવા હંમેશ તે તૈયારજ હોય છે." સુમને કમલિનીનો બચાવ કરતાં પોતાનો બચાવ શોધ્યો.

"જીવન પુરૂં કરી નાંખવા નહિ, કરમાવી નાંખવા, સુકવી નાંખવા, નીંદી નાંખવા એની એ તૈયારી છે, બ્હેન સમજ્યાં. કારણ, તેની તૈયારીનો સ્વભાવજ એવો છે કે પ્રસ-ન્નતાથી જીવન વ્યતિત કરતી નથી પણ ભ્રમર કરતાં બીજા કોઇ અનેરા પ્રેમીની શોધમાં નિષ્ફળતા માત્રજ કારણ છે. એનો માર્ગ જો તું કહે છે તેમ ન્યારોજ છે, તો પછી હમણાં તો તું કહેતી હતી કે સૂર્ય ભગવાનની ચુમી લેતાં આ જુઈ જાસુદ શરમાય છે. એનો એ માર્ગ વિરૂદ્ધ તો આ નહિજ કરતી હોય ને?" સરિત જાણે ક્રોસએગ્ઝામીન કરતી હોય તેમ કહેવા લાગી.

"પણ કમલિનીનો તું કહે છે તેમ સાચો અંતઃપ્રેમી નહિજ સંભવતો હોય? હેં સરિત એની બીચારીની એ દશા." સુમને ફરી નિસાસો નાંખ્યો.

"દશાકે અવદશા એને મન સઘળું એકજ છે નિરાશ થઇશ નહિં. એતો કુદરતી જીવડાં! હમણાં તો તું એના જીવનમાં કૃતકૃત્યતા જોતી હતી" સરિતે દિલાસો આપતાં જણાવ્યું.

"હા બ્હેન તે તો આપણીનજર આગળજ દેખાય છે તો પછી સાચું શું?" સુમને પુષ્પવાટીકા તરફ દૃષ્ટિ કરતાં કહ્યું.

"સાચું તું જુએ છે તેજ. અસત્ય માત્ર આપણે સારૂ છે." સરિતે પ્રત્યુત્તર આપતાં વાસ્તવિકતા જણાવી.

"તો શું આપણે ભાગ્ય અસત્યજ અને પછી એ અસત્ય આપણે સત્ય નજ કરી શકીએ?" સુમને આશામય જીવન જણાવ્યું.

"અસત્યનું સત્ય બ્હેન કેમ કરી થાય! શરૂઆતજ સત્યતાથી કરવાની છે. ઇશ્વિર કૃતિમાંથી સત્યતાના અઘરા પાઠનો અભ્યાસ પચાવવાનો છે. પ્રેમના અમુલાં સૂત્રોમાં પરોવાનું છે. પવિત્ર ઐકયની સુન્દરતાથી જીવન ઓપવાનું છે. અને નિષ્કામ સેવા-ધર્મનો ધ્વજ ફરકાવવાનો છે. **સાક્ષાત્કાર એ પવિત્ર કૃતિના પ્રેમનો કર, બ્હેન, અને** આનીશ નહિ તું કહેતી હતી તેમ **જીવનની મર્યાદા આત્મવિકાસ અને**

પ્રસન્નતામાં. હવે સમજાયું બ્હેન ! સિદ્ધિ શું અને કયાં છે ?” **સરિતે** આશામગ્ન સખીને કર્તવ્યનો ઉપદેશ કર્યો.

“તો શું તે સિવાય છૂટકો છેજ નહિ ? ઇશ્વિરપ્રેમ સાધવોજ પડે ?” **સુમને** ફરી પુછયું.

“ઇશ્વિર પ્રેમ તો સાધવાનો, પણ તું કુદરતમાં જુએ છે તેમ વ્યક્તિપ્રેમ, વિશ્વપ્રેમ વગેરે એનાં પગથીઆં પણ ચઢવાનાં છે. તેનુંજ લક્ષ રાખ” સરિતે ઇશ્વિર પ્રેમનું સ્વરૂપ બતાવ્યું.

“વિશ્વવાહનો આ નિયમ છે એ સાચીજ વાત છે. પણ આપણે સરિત બ્હેન ! તો સંસારી જીવોજને મારા કાકા પણ એમજ કહેતા હતા, કે મનુષ્યજીવન અતિક્ષુદ્ર છે,” **સુમને** વળી નિરાશાવાદ રજુ કર્યો.

“મનુષ્યને તું ક્ષુદ્ર કહીશ ના. દેવને પણ મનુષ્ય જન્મ દુર્લભ છે અને મને તેનું અભિમાન છે. મનુષ્યની ક્ષુદ્રતા કદાચ નિર્વિવાદ હશે પણ બ્હેન તું ભુલે છે મનુષ્યજન્મ અથવા જીવન તો સ્વભાવે ઉત્તમજ છે અને તે સિવાય બીજું કંઇજ નથી; પણ આપણને તે સિદ્ધ થતું નથી. તે સિદ્ધ કરવું ભવિષ્યના ભારત પુત્રપુત્રીઓને માથે ફરજ છે. પણ મનુષ્ય હલકું, અને જણાય છે તે કુદરત શ્રેષ્ટ, એમ તું માનીશ જ નહિ કારણ મનુષ્ય પણ કુદરતના અગત્યના અંગ સિવાય બીજું શું છે ? કદાચ પુરૂષ જાતિની ક્ષુદ્રતા તારી દષ્ટિમાં તરવરતી હોય **એમ** મને જણાય છે. કેમ સાચું ને ? **સરિતે** ખુલાસો કરતાં પ્રશ્ન કર્યો.

“ના બ્હેન ! તેમ નથી, અને તેમ હોય તોપણ જેટલું આપણે તેમને ઉતરતા માનીએ, જો કે હું તો માનીશજ નહિ, તેટલું આપણને હલકાં માનવાને તેમને અધિકાર છે.” સુમને પોતાની નિર્દોષતા જણાવી.

“તે તો છેજ અને તેઓ માને છે પણ. પણ સાચી વાત તો એ કે **સુમન** બ્હેન સરખાં કોઈ એમના અમારા વ્હાલેરા સખાને તેમ માનતાં ભૂલવશે તો બસ !” **સરિતે** મુગ્ધ કુમારીને કટાક્ષ કરતાં કહ્યું.

“લે લે **સરિત**! પણ તારા જેવા અમને દષ્ટા અને દષ્ટાંત પ્રત્યક્ષજ રહેતા હોય તો પછી તે સાધ્ય થવું—

“ઘણું મુશ્કેલ” **સરિત** વચમાં બોલી.

“કાંઈ મુશ્કેલજ નહિ.” સુમને **સરિત**ને પણ પકડી.

“વાહરે તારી હિંમત ! આમ બીજાને આશરે ગૃહસંસાર માંડનારાં જણાઓ છો. જોજે મારી આશા રાખતી.” **સરિતે** હસતાં મુખે કહ્યું.

“વાહ, ત્યારે **સરિત** બ્હેન ! **परोपदेशे पाण्डित्यम्**જકે” સુમને જીવનની મુશ્કેલી સમજાવી.

“ના, ના, એમ નહિ પણ **સુમન**બ્હેન ! અમારા કરતાં ઘણા ડાહ્યા પંડિત પણ મળી રહેશે તો સખીની સમજણની શી જરૂર એમ હું તો કહેતી હતી.” **સરિત** છટકી ગઇ.

"તોપણ એ પંડિત—

"અને તું પંડિતા" સરિત બોલી.

"લે એમ પણ અમે બેઉ તમે બેઉ સરિત સાગરના હંમેશના ઋણી રહીએ એ મારી ઈશ્વર પાસે પ્રાર્થના છે." સુમને આભારની લાગણી બતાવી.

સૂર્ય ભગવાન આ સર્વ વ્યાપાર એકચિત્તે નીહાળી કંઇક પ્રસન્ન તો કંઇક ખિન્ન વદન કરી પોતાનું મુખ સંતાડી પશ્ચિમ બાજુના પહાડની પાછળ છૂપી ગયા. પશુ પક્ષિ વગેરે સર્વે પોતાના માળા શોધવા લાગ્યાં. પોતાના વ્હાલા બચ્ચાની સંભાળ લેતાં બહારથી આણેલા દાણા પોતાની ચાંચવડે તેમના મુખમાં મૂકતાં હતાં. નાના બચ્ચાં પોતાની માતાને જોઈ જીવન પ્રાપ્ત થયું હોય તેમ આનંદિત થતાં હશે. મોટા નાંના સઘળાં ટહુકા કરી ખુશનુમાં આમ તેમ નજીકમાં ઉડયાં કરતાં હતાં. પણ ધીમે ધીમે સર્વ કુદરત શમી જતી હોય તેમ તેપણ પાછા માળામાં સંતાતા હતાં. ધીમે ધીમે સઘળું શાંત થતું હતું રાત્રી જાણે શ્યામ ઉપવસ્ત્રનો મોં ઉપર બુરખો પહેરી પગ પ્રસારતી હોય તેમ જણાતું હતું. બંગલામાં દીપક પકટાવ્યો હતો. પણ બન્ને સખીઓ વાર્તાલાપમાં બહુજ નિમગ્ન થઈ ગઇ હોય તેમ સઘળું ભૂલીજ ગઈ હતી. નોકરે "સુમન બ્હેન સુમન બ્હેન!" એમ એકાદ ટહુકોપણ કર્યો પણ બેમાંથી એકેએ સાંભળ્યુંજ નહિ.

"લે સાંયકાળ થઈ ગઈ, જ્યોત્સ્ના બ્હેનતો આવીજ નહિં. હું તો જઈશ મારે મોડું થાય છે" સરિતે પોતાને ઘેર જવા જણાવ્યું.

"અને મોટાભાઇની બીકપણ ઘણી." સુમને કહ્યું.

"એમાં નવાઈશું, લે જાઉછું, કાલે નિશાળે વળી મળીશું." સરિતે જવા માંડયું.

"ઉભી રહે ઉભી, પણ સરિત્ આ બધું તું કયાં શીખી આવી? તેતો કહેતીજા!" જતી સખીને ઓઢણેથી પકડતાં સુમન બોલી,

"લે જવાદે, કાલે કહીશ. પણ આમાં તને નવું શું લાગ્યું. નવું શીખવાના દિવસ હજુ આઘા છે આઘા." સુરિતે સ્પષ્ટ કર્યું.

"આઘા હો ભલે મારે, પણ સરિતબ્હેનને તો ગણત્રીના છે." સુમને સખીના સગપણને ઉદ્દેશી કહ્યું

"સુમન બ્હેન! અધીરા શાના થાઓ છો? આ વિવાહ આવે છે તેમાં તમારાં લગન લેવાના છે તે પુછાવો છો કે તમેજ જણાવો છો?" સરિતે સુમનની અંતર્જીજ્ઞાસા જાણી લીધી.

"એટલામાં અંદરથી કોઇએ "સુમન! સુમન સાંભળતી નથી કે" ટહુકો કર્યો.

"લે જા બા બોલાવે છે સુમન જા, નહિતો વઢશે. હું જાઉંછું." સરિતે ચાલવા માંડયું.

સરિતને વળાવી સુમન પગથીએ ચઢી.

ન્હાનુંભાઈ.

શ્રી નિમાડ કડવા પાટીદાર સભામાં
શ્રીયુત્ ચન્દુલાલ મણીલાલ દેસાઇએ પ્રમુખપદેથી આપેલું ભાષણ.

(ગયા અંકના પૃષ્ઠ ૫૬ થી ચાલુ.)

આપણી આર્થિક શક્તિ વિષે હું આપને હવે કહીશ. રાજ્યના કરો ભરીને ઉડાઉ અવિચારીપણે ખર્ચો કરીને આપણા બંધુઓ આજે જમીન જાગીરદાર મટી મજુરી કરી પેટ ભરવાની સ્થીતીમાં જઈ પડયા છે. ભાઇઓ ! જેના બાપદાદાઓ જમીન, જાગીરોવાળા ક્ષત્રિય વીર તરિકે પ્રખ્યાત થયેલા તેમનાં સંતાન આજે આ દશામાં આવી પડયાં છે એ આપણાથી કેમ જોયું જાય છે ? મ્હેં મુંબઇ, અમદાવાદ વગેરે શહેરોમાં તપાસ કરી મજુરી કરતા બન્ધુઓને પુછયું છે કે તમારી આ સ્થીતી કેમ આવી ગઇ ? એક પણ એવો જડયો નથી કે જેણે એમ ન કહ્યું હોય કે જમીન અને ઘરબાર મિલ્કત એણે અગર એના બાપે વેચી ખાધી એમ કહ્યા સિવાય રહ્યો હોય ! શામાટે વેચી ? તો કહે દેવાદાર થઇ ગયા. તમારે ખેતીના ધંધાવાળાને દેવું કેવું ? તો કહે દાદો, દાદી બાપ કે ભાઈ ભોજાઈ ગુજરી ગયાં તેમની પાછળ અમારી આબરૂ પ્રમાણે ગામ જમાડવું પડયું. કેટલાક વિશેષ આબરૂવાળા દિકરા તો કહે છે કે અમારાં સગાં પાછળ ગામ અને ફરતાં પખેવાડીઆં કર્યાં હતાં. પખેવાડીઆં એટલે જે ગામમાં પોતે રહેતા હોય તે ઢેડ ભંગી સાથે આખું ગામ અને તેને ફરતાં બીજાં આઠ દશ ગામ ! કારજ ટાણે દેવું કરીને પૈસા કહાડેલા પણ પછી વાણીઆએ અગર ધીરનારાઓએ કોરટે દાવા કરીને ઘરબાર ને જમીન હરાજ કરાવી દીધાં !! વર્ષ સારાં આવ્યાં નહિં એટલે સરકારની વિઘોટી પણ શેમાંથી ભરાય ! એટલે જમીનો પણ છોડી દીધી, રાખીએ તો ગાડાં બળદ વગેરે માટે પૈસા જોઇએ તે કોણ આપે ! આ કેટલું બધું અવિચારીપણું ! જમનારા તો એક બે ટંક જમી ગયા અને તેની માટી પણ થઈ ગઈ પરંતુ જમાડનારનાં ઘરબાર લુંટાઈ જાય છે તેની કોઈ દયા ખાય છે ખરૂં ? કોઈ દયા ખાતું નથી. મરનારની પાછળ આવાં જમણો કરવાનો રિવાજ કોઈ શાસ્ત્રોમાં તો કહ્યો નથી, કારણ શાસ્ત્રો લખી ધર્મના કાયદાઓ ઘડનાર રૂષિઓ આપણા જેવા મુર્ખ

सुधार--निमाड मालवेंके हमारे कडवा पाटीदार भाइओंको वीदित होवे कीं सभापतिजीके भाषणमें भाइ रामचंद्रजी व्यास-कसराबाद वालेकें लीये गोर शब्दका प्रयोग कीया है इनके बारेमें श्रीयुत रामचंद्रजी की तर्फसे इस बातका सुधारकी प्रसिद्ध के लिये हमारे तर्फ फर्याद आइ हैं. खूद रामचंद्रजीने हमकों लीखा हैं कीः-"मैं गोर नहीं हुं, कीसीप्रकार गोर या कडवा भाइओंका पुरोहित होनेका दावा नहिं रखता हुं, मैं इस ज्ञातिका सेवक हुं."

अफसोस की बात हमारे कडवे बंधुओंकेलिये नजर आती है कीं रामचंद्रजी जैसी सक्कर अपने नांवके साथ मिलाके अपने नांवको मीठ्ठा बनानेके लिये अपने दिलमें संकोच हुआ होंगा ! अन्य पुरोहितकीं फर्यादसें इस सुधारका प्रयोजन होने पैं अमारे बंधुओकों विज्ञप्ति है कीं वैसी फर्याद वालेकों अपना अहित करनेवाला समजनां चाहिए. अन्य कारणकेलिये यह सुधारसें हमारे दिलमें संकोच नहीं हैं.

तंत्री. क. वि.

નહોતા. ઘણા અજ્ઞાન બન્ધુઓ મરણ પાછળ જમણ કરવામાં કંઈક ધર્મ કે પુણ્ય હોય એવું
માને છે. જમાડનાર માણસ જો મરનારના નીમેત્તે આ ધર્મ કરતો હોય તો જમનારાઓ
તેનું પાપ ખાય છે એ ખુલી વાત છે. ત્યારે હું આપને પુછીશ કે તમ રાં પાપોમાંથી તમે
છુટી શકો એમ નથી તો પારકાનું પાપ તમારા માથે લેવાનું શું પ્રયોજન છે ? કદાચ
આપણે તેને વહેવાર પડી જવાથી કરવું પડે છે એમ કહીએ તો આ અધમ વહેવારે ચાલ-
વાથી આપણા બન્ધુઓ ઘરબાર વગરના થઇ જાય છે તેની આપણે જરૂર દયા ખાવી
જોઇએ અને આ દુઃખદાયક વહેવારને હંમેશને માટે બંધ કરી નાંખવો જોઇએ. કદાચ
ગરિબ માણસો ન કરે અને મળે તે કરે એવો આ વહેવારમાં સુધારો સુચવવાની કોઇને
ઇચ્છા થતી હશે પરંતુ તેમણે જાણવું જોઇએ કે ગૃહસ્થના ઘેર ખાવા જનારા અને પોતાના
ઘેર આવે ત્યારે નહીં ખવરાવાની નીચ બુદ્ધિવાળા હજી કૂર્મી ક્ષત્રિયોમાં ઉત્પન્ન થયા નથી.
અને નહીં ખવરાવી શકનારાઓની દયા ખાવા છતાં આ રિવાજને ચાલુ રાખવાનું આપણે
કહેવું એ ગરિબના દુઃખ ઉપર કેટલીક વખતે ડામ દેવા સમાનજ થઈ પડશે. તું ગરીબ
અને હું ગૃહસ્થ એ દેખાડી આપવા સિવાય આ રિવાજ ચાલુ રાખવાનો બીજો કયો હેતુ
હોઈ શકે ? ખાવું અને ખવરાવવું નહીં એ કોઇ પ્રકારે વહેવાર કહેવાય નહિં માટે નીચું
માથું ઘાલી મેણાં ટોણાં ખાવા ખવરાવા કરતાં આ રિવાજનેજ ગૃહસ્થ કિંવા ગરિબે અટ-
કાવી દેવા પ્રયત્ન કરવો એ જરૂરનું છે. વધારે જરૂરનું તો એટલા માટે છે કે મરનારના
નીમેત્તે કરવામાં આવતું લાડુ અગર કંસાર કે સુખડીનું ભોજન તે મિષ્ટ પદાર્થોનું ભોજન
નથી, પરંતુ મરનારના રક્તથી ભિંજાયેલા પદાર્થોના સમાન એ ભોજન હોવાનું મારે કહેવું પડે છે.

બન્ધુઓ ! આપણો ભાઇ બાપ કે આપણને જન્મ આપનારી મા ગુજરી જાય કે
જેના મુખાર્વિંદનું દર્શન આપણે ફરીથી પામતા નથી, તેમજ આપણા ઘરસંસારનો બોજો
ઉપાડનારી આપણી ગૃહિણી કિંવા ધર્મપત્નિ આપણને છોડી જાય અગર હંમેશને માટે
પત્નિનો ત્યાગ કરી તેને નિરાધાર એકલી દુઃખદાયક સ્થિતિમાં છોડી તેનો પતિ ચાલી
જાય એ પ્રસંગને આપણે કયા પ્રકારનો ગણી શકીયે ? આ પ્રસંગે ઘઊં, ઘી અને સાકરનાં
પદાર્થો વડે બનાવેલાં મિષ્ટ ભોજનો જમાય ખરાં ? જમનારાઓનાં હૃદય તે માણસના હૃદય-
જેવાં કે ફાડીખાનારા વાઘ, વરૂ જેવાં હશે ? ખરેખર મરનારના કુટુંબને તો તે વખતે
દિલગીરીનો પાર હોયજ નહિ. તેઓ રાજી ખુશીથી તે ટાણે જમતા હશે એવું કોણ પાષાણ
હૃદયનો માણસ માની શકે ? આ પ્રસંગે બીજાઓએ પણ જમવું અને મરનારના કે તેના
કુટુંબના દુશ્મન તરિકેની ગરજ સારવી એ બાબતમાં તફાવત જેવું કાંઇ નથી. આ હૃદય
ભેદક પ્રસંગે એક તરફ શબની ચીતાને બળતી જોવી અને બીજી તરફ સુખડી જેવા મિષ્ટ
પદાર્થનું ભોજન કરવું એ ખરેખર મારા વિચાર પ્રમાણે તો એક દુશ્મનનુંજ કૃત્ય લેખાય.
મારૂં આ કથન આપને અસત્ય લાગતું હોય તો તેમાં સત્ય જેવું કોઇ સમજાવશે તો તેમનો
આભાર માનીશ. આ કૃત્ય તદ્દન અધર્મયુક્ત અને માણસ જેવા પ્રાણીને માટે તો લાયક
નથીજ, એટલા માટે આપ તેને તિલાંજલી આપી તે નહીં કરવા અને નહીં ખાવા પ્રતિજ્ઞા
કરશો તો આપણે ઉઠાવેલા પરિશ્રમનું કંઈક સાર્થક થયું ગણાશે. અમારી તરફ છેલ્લાં દશ
વર્ષોથી અમે આ પ્રકારનાં પ્રેત ભોજનો જ્ઞાતિમાંથી અટકાવવા પ્રયત્ન કરીએ છીએ. તમારા
પૈકીના કેટલાકે " માધાના પિતાનું પ્રેત ભોજન " નામે આખ્યાન અમારા વિદ્વાન બન્ધુ

અમરસિંહ કરે છે તે સાંભળ્યું હશે. અમારી તરફ આ આખ્યાનની ઘણી સારી અસર થઈ છે એટલે જુજ વખતમાં ૯૦ ટકા જેટલાં આવાં ઉડાઉ ખરચો બંધ થઈ ગયાં છે આ પ્રકારનાં જમણોને પ્રેત ભોજન સાથે અધર્મ ભરેલાં પણ મ્હેં કહ્યાં છે તે વિષે હું આપને કંઈક ટુંકામાં કહું છું.

જે વીધિ અગર ક્રિયા ધર્મશાસ્ત્રમાં ન કહી હોય અને કરવાથી જનસામજને નુકસાન થવાનો સંભવ હોય તો કરનાર અને કરાવનાર બંને નર્કે જાય છે. આપણાં શાસ્ત્રોમાં મરનારની પાછળ શ્રાધક્રિયા તેમજ પુન્યદાન કરવાનો વીધિ લખ્યો છે પરંતુ મરણ નીમેત્તે જમણો કરવાનું કયાંય લખ્યું નથી. પુન્યદાનની બાબતપણ ઘણાજ જુજ પ્રકારની વર્ણવી છે અને તેમાં પણ દાન આપવાનો જે વીધિ કહ્યો છે તે તો ખરેખર વિચારવા જેવો છે. વેદ ભણેલા બ્રાહ્મણોનેજ દાન આપવું-જેઓ પોતાનું જીવન પ્રજાની ઉન્નતિ ખાતર વ્યતિત કરતા હોય તેમનેજ દાન આપવું એવો શાસ્ત્રોનો નિર્ણય છે. વિદ્વાન ન હોય, ધર્મને સમજી પોતાનું જીવન પરોપકાર અર્થે ન ગુજારતા હોય તેવા બ્રાહ્મણો અગર સાધુઓને આપનારને પુન્ય થતું નથી તદુપરાંત તે નર્કે જાય છે એટલે સુધી શાસ્ત્રો આગળ વધીને કહે છે. તમને શંકા થશે કે અભણ બ્રાહ્મણને ન આપવામાં કદાચ પુન્ય ન થતું હોય પણ પાપ કેમ લાગે? અગર નર્કે જવાની વાત તે સાચી હોયા હું કહુંછું સાચી વાત છે. શાસ્ત્રોની એવી આજ્ઞા છે કે બ્રાહ્મણ અગર સાધુ પુરૂષોએ વિદ્યા પ્રાપ્ત કરી, જનસમાજને ધર્મ સમજાવી તેમનો મોક્ષ થાય તે પ્રકારે ઉપદેશ આપવામાં જીવન ગાળવું અને તે વડે જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી સંતોષ પામીને પોતાનો ગુજારો કરવો. બ્રાહ્મણ અગર ગોર લોકોએ પોતાના નિર્વાહ કરતાં વિશેષ ધનનો સંગ્રહ ન કરવો. બન્ધુઓ તમે વિચાર કરો કે આપણને પરમાત્માનો સાક્ષાત્કાર થાગ અગર આપણે ધર્મનો રસ્તો ચુકી આડે માર્ગે જઇએ નહિં તે માટે કેટલા બ્રાહ્મણો પ્રયત્ન કરે છે? હું આપણી જ્ઞાતિઓના ગોર વિષે કંઇક કહીશ. અમારા ગુજરાતમાં જેઓ આપણા ગોર હોવાનો દાવો કરે છે, અને વંશપરંપરાથી ગોર તરિકે મનાય છે તેઓ યજમાનોની આવક ઉપર જીવન ગુજારે છે. વિદ્યા અને શાસ્ત્રો સાથે તેમને ઘણુંજ અંતર પડી ગયું છે! તેઓની સ્થીતી વિષે બોલતાં મને ઘણી દિલગીરી થાય છે પરંતુ કહું છું કે તેઓ બ્રાહ્મણ એવું નામ ધરાવવા પુરતુ પણ કંઈ કરતા નથી. શાસ્ત્રોનો અભ્યાસ કર્યા સિવાય યજમાનોને શ્રાદ્ધની અગર બીજી કોઇ પણ વીધિ કરાવવી તે કૃત્ય અધર્મને ફેલાવનારૂં છે. એક પવિત્ર દેહધારી બ્રાહ્મણ સ્વાર્થની કે પેટ ભરવાની ખાતરજ પોતાનો હક કાયમ રાખી યજમાનો પાસેથી વગર વીધિ કરાવે-ખોટી વીધિ કરાવીને-દાન લે એ તે ધર્મનું કયું સ્વરૂપ હશે! જો ધર્મનું ન:હોય તો અધર્મનું તો હોવુંજ જોઇએ. યજમાન જેટલું તો ગોર પણ ન ભણ્યા હોય તે સ્થીતીમાં ગોર પાસેથી ઉપદેશ પ્રાપ્ત થવાની આશાતો શેનીજ રખાય! તમારા નિમાડના ગોર કેટલા વિદ્વાન છે તે હું જાણતો નથી પરંતુ વ્યાસ રામચંદ્રજી જો આપણી જ્ઞાતિના ગોરજ હોય તો હું બહુજ ખુશી થાઉંછું. આપ તેમના જેવા યજમાનનું હીત જાણનારા ગોર પ્રાપ્ત કરી શકયા છો તે માટે હું ખરેખર આપને પુન્યશાળી માનુંછું. તમને ધર્મ પંથે ચલાવવા માટે ઉપદેશો આપી, સંસ્થાના સંચાલકનો બોજો ધારણ કરી તમારી ઉન્નતિ અર્થે તેઓ પ્રયત્ન કરે છે તે ખાતર તમને તો ગમે તેટલું માન હોય પરંતુ અમારા ગુજરાતી બન્ધુઓમાં તેઓ પુન્યનિય મનાય છે.

મને તેમના વિષે કેટલીક માહેતી હોવાથી ફરીથી કહું છું કે રામચંદ્રભાઈ જેવા ગોર મેળવવ માટે તમે ખરેખર અમારા કરતાં પણ વિશેષ ભાગ્યશાળી છો તેમના જેવા લાયક ગોર અગર પુણ્ય કરવાને યોગ્ય પાત્ર અમને અત્યાર સુધી મળ્યું નથી એ ખાતે અમે ખરેખર અમારી જાતને બેનસિબ સમજીએ છીએ.

ગોર અને બ્રાહ્મણો વિષે મ્હેં આવા હલકા પ્રકારના વિચારો આપની આગળ પ્રદર્શિત કર્યા છે એવું આપ સમજશો નહિ તેમ કરી તેમને ઉતારી પાડવાનો મારો ઉદ્દેશ નથી પરંતુ કેટલાક વેદશાસ્ત્ર સંપન્ન બ્રહ્મર્ષિઓ જેવા હજી પણ આપણા દેશમાં સેંકડો છે પરંતુ તેઓ કાંઈ આપણું દાન લેવા આવતા નથી! તેમને તો શાસ્ત્રોની આજ્ઞા મુજબ ધાર્મિક રસ્તે જે જીવિકા પ્રાપ્ત થઇ શકે તેટલીજ ગ્રાહ્ય છે. બ્રાહ્મણ વર્ણનો મુખ્ય ઉદ્દેશ જનસમાજને અધર્મને માર્ગે જતો અટકાવવાનોજ હોવો જોઇએ, તેઓનું એ કર્તવ્ય છે તે ચુકે તો જગતમાં અંધકાર અને અધર્મનોજ ફેલાવો થાય, લુચ્ચા અને પાપી પુરૂષોથી આ દુનિયાં ઉભરાઈ જાય અને સમાજમાં અવ્યવસ્થા આવી જાય, એટલા માટે તેમની જરૂર છે અને હિન્દુ વર્ણોને સદ્બોધ આપી ધર્મ માર્ગે દોરવી એ તેમની ઇશ્વરી ફરજ છે. જેઓ આ ફરજ અદા ન કરે અને માત્ર પોતાના ઉદર નિમીત્તેજ બની રહે તેવા ગોરને દાન આપવું અને અધર્મ ફેલાવનારને મદદ કરવી એ બંને સરખું છે. ગુનેહગાર અને તેને મદદ કરનાર એમ બેઉને કાયદા પ્રમાણે પણ સજા થાય છે, તો જગન્નિયંતાના દરબારમાં આપણો કયા પ્રકારનો ઇન્સાફ થસે તે માટેજ મ્હેં તમને આ હકીકત કહી છે એટલા પુરતોજ મારો ઉદ્દેશ છે. વિદ્વાન તેમજ અભણ બ્રાહ્મણોને ગૃહસ્થાશ્રમીઓએ વિદ્યા પ્રાપ્ત કરવામાં મદદરૂપ થવાની ફરજ છે તેને નહી વિસારી દેવા પણ હું આપને વિનંતી કરૂં છું.

બ્રાહ્મણોને દાન આપવું તેવુંજ પુણ્યાર્થે ગરિબ અનાથોને પણ દાન આપવાનું શાસ્ત્રો કહે છે. દાન આપવું એટલે તન, મન, ધન અને બીજી વસ્તુઓ વડે જેને જેની જરૂર હોય તે આપણે પુરા પાડીએતો આપણે દાન આપ્યું એમ કહેવાય. પોતાની જાતિ અગર વંશના ઉદ્ધાર અર્થે પણ આપણે જે કાંઇ કરી શકીએ અગર આપી શકીએ તે સઘળુ પુણ્ય કર્યું ગણાય છે, પ્રથમ આપણે જ્ઞાતિ અગર વંશના ઉદ્ધાર અર્થે જે ફરજ રહેલી છે તે બજાવવી જોઇએ એમ શાસ્ત્રો કહે છે. પુણ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આપણે કોઇને કાંઇ દાનમાં આપીએ છીએ અને પુણ્ય પ્રાપ્ત કરવામાં આપણો હેતુ ધર્મ સાધ્ય કરવાનો અથવા મોક્ષ કિંવા તેથી ઉતરતો દેવલોક પ્રાપ્ત કરવાનો હોય છે, પરંતુ આ ઇષ્ટ ક્યારે પ્રાપ્ત થાય? પ્રાણીમાત્રના હીતમાંજ આપણું હીત રહેલું છે એવી સમાન દ્રષ્ટિ થાય ત્યારેજ. **वसुधैव कुटुंबकम्** આખું વિશ્વએ મારૂં કુટુંબ એવી વેદાન્તિ અને વ્યાપક દ્રષ્ટિ થવી એ મોક્ષ સાધવાનો માર્ગ છે. અને એટલા માટે **आत्मा वै पुत्रनामासि** અથવા **अर्धं भार्या शरीरस्था** "મારા પુત્રનો જે આત્મા છે તે મારો છે, સ્ત્રી એ મારૂં અર્ધું અંગ છે" વગેરે બાબતો સંસાર વર્તનમાંથી શીખતાં શીખતાં, પુત્ર અને સ્ત્રી, પછી કુટુંબ, ઇષ્ટજન, જ્ઞાતિ અને દેશ એમ પ્રેમ ભાવનાઓ ઉત્તરોત્તર સમાન થતી જવાથી આખરે **वसुधैव कुटुंबकम्** સાધ્ય થાય છે. જેમ જેમ સર્વ વ્યાપક દૃષ્ટિ માણસની વધતી જાય છે તેમ તેમ મોક્ષ માર્ગમાં તે આગળ વધતો જાય છે, પોતાના પછી કુટુંબ, પછી જ્ઞાતિ અને પછી દેશ અને ત્યાર બાદ આખું વિશ્વનું હિત જોવું એ મોક્ષ માર્ગની સીડીનાં પગથીઆં છે. નિર્ગુણ

બ્રહ્મની ઉપાસના સગુણ રૂપે—પ્રતિક કિંવા મૂર્તિ રૂપે પુજનથી થાય છે, તેમ મોક્ષ માર્ગની ઉપાસના આ સીડીએ ક્રમવાર ચડવાથી થાય છે એવો દેશ ભક્ત જીવન મુક્ત મહાત્મા તિલકનો અભિપ્રાય છે જે હું આપને કહું છું તો આપ પણ તે સીડીએ ક્રમવાર ચડવા બનતો પ્રયાસ કરશો તો ઠેઠ પહોંચી શકશો.

બન્ધુઓ! હવે હું આપનો વિશેશ વખત નહીં લેતાં આપણી આ પ્રવૃતિ જરૂરની કે નહિ અને જરૂર ની જણાયતો આપણે શું કરવાની આવસ્યકતા છે તે હું આપને કહીશ જન્મ આપવો અને મરણ પામવું એ બંને બાબતો દૈવી શક્તિને આધિન છે, એટલે મનુષ્યના અધિકાર બહારની વાત છે. પરંતુ જન્મ ધારણ કર્યા બાદ જીવનનું સાફલ્ય કરવું, અન્ય પશુઓની માફક મરણ નહિં પામતાં ધર્મસાધી હંમેશને માટે મરણ પામવું એ તો આપણા પુરૂષાર્થ ઉપર આધાર રાખે છે. આપણી ધાર્મિક માન્યતાઓ પ્રમાણે મનુષ્ય પ્રાણીનો મોક્ષ નહીં થતાં સુધી તેના જીવને અનેક યોનીમાં પુનઃ પુનઃ જન્મ ધારણ કરવો પડે છે, એટલે ઉંડો વિચાર કરતાં સમજાશે કે જીવને મરવાપણું હોતું નથી પરંતુ જીવ એજ શીવ છે, પરમાત્માનો અંશ છે એવું પુરૂષાર્થ વડે આપણે ધાર્મિક જીવન ઘડી શકીએ ત્યારે જન્મવા, મરવાની ઉપાધિમાંથી મુક્ત થઇ તે મોક્ષ પામે છે—પરમાત્માના સ્વરૂપમાં લય પામે છે. આપણે શાસ્ત્રો ઉપર હંમેશાં શ્રદ્ધા રાખવી જોઇએ અને તેમણે આ મોક્ષ માર્ગે જવા માટે જે સીડી બતાવી હોય તે દ્વારા ક્રમે ક્રમે ઉપર જવું જોઇએ. પ્રાણી માત્ર માટે સર્વવ્યાપક દ્રષ્ટિ થવી, તેના અને આપણા વચ્ચેના ભેદને તજી એકજ પરમાત્માના સ્વરૂપે તેમને જોવાં એ આપણી સીડીનું છેક ઉપરનું પગથીઉં છે, પોતાની જાત, સ્ત્રી પુત્ર, કુટુંબ, જ્ઞાતિ, ગામ, દેશ અને છેવટે આખું વિશ્વ એ દરેકચડવાનાં પગથીઆં છે, એક પછી એક હું અને મારૂં એતો માણસને જન્મથીજ આવે છે, સ્ત્રી અને પુત્રની બાબત પણ લગભગ તેવીજ છે એટલે ઇચ્છા અનિચ્છાથી પણ વહેવાર કરતાં એ બે પગથીઆં ચડી જવાય છે. પરંતુ કુટુંબની વાત જ્યાં આવી કે સ્વાર્થમાં ગુંથાયેલો જીવ ગુંચવણમાં પડે છે. તમે પણ એવા કેટલાક માણસો જોયા હશે કે તેઓનો પોતાને જન્મ આપનારી માતા અને પિતા પ્રત્યે પણ પ્રેમ હોતો નથી, તો ભાઇ, કાકા વગેરે જરા દુરના કુટુંબી જનો પ્રત્યે સદ્‌ભાવ હોવાનું તો સંભવિતજ ક્યાંથી ? કુટુંબથી જરા દુર આપણી જ્ઞાતિ છે તેના પ્રત્યેની આપણી લાગણી અને તેના હીતમાં આપણું હીત જોવાની બુદ્ધિ વડે આપણી દ્રષ્ટિ કંઇક પરમાર્થ સાધવા કે ધર્મ તરફ પ્રયાણ કરે છે. સીડીનું આ ચોથું પગથીઉં છે કે જેના ઉપર આજે આપણે ખડા થયા છીએ. જે માણસ જ્ઞાતિનું હીત સમજી શકે નહિ તે ગામ, દેશ કે દુનિયાનું હીત કરી શકે એ કેવળ અસંભવિત છે. હું તેનો એકજ દાખલો આપીશ. જ્ઞાતિ અને રાજસત્તા તરફથી કેટલીક સત્તા સાથે ગામનું હીત કરવા મુખી અગર પટેલોની નિમણોક થાય છે તેઓ ગામનું કેટલું હીત કરે છે તેનો આપ વિચાર કરી જોશો તો નીચેનાં પગથીઆં સાધ્ય કર્યા સિવાય ઉપરના પગથીએ જઇ શકાતું નથી તેની આપને સંપૂર્ણ ખાત્રી થશે. જ્ઞાતિહીત સાધવા રૂપી એક નાનું કાર્ય જેનાથી અસાધ્ય છે તે તેનાથી ઉપરનાં પગથીઆં, ગામ કે દેશનું હીત સાધવાનો અભિમાન રાખતો હોય તો કેવળ મુર્ખતા છે. અપવાદ રૂપે ભાગ્યશાળી પુરૂષો તે સાધ્ય કરી શકે છે તોપણ પૂર્વજન્મમાં તેણે એ સાધ્ય કરેલુ હોવું જોઇએ એવી મારી માન્યતા છે. ત્રીજા અને ચોથા પગથીઆમાં માત્ર પ્રમા-

ણુનોજ ફેર છે, એટલે પોતાનું એકજ કુટુંબ અને પોતાનાં અનેક કુટુંબોથી બનેલી આખી જ્ઞાતિ. પોતાના કુટુંબનું હીત માણસ ઘેર બેઠે સાધી શકે છે પરંતુ જ્યારે અનેક કુટુંબોથી બનેલી જ્ઞાતિનું હીત સાધવું હોય તો દરેક કુટુંબોને કયા પ્રકારની જરૂરીઆત છે તે અવસ્ય જાણવું જોઇએ અને તે જાણવા માટે આપણે અત્રે એકઠા થયા છીએ.

આપને જો એમ સમજાય કે આપણે અધર્મના રસ્તે ચડી ગયા છીએ તો તે તજી દઇ ધર્મ માર્ગે ચાલવું જોઇએ અને આપણા જેજે રીત રિવાજો ધર્મ કે શાસ્ત્ર વિરૂદ્ધ હોય તેને તજી દઇ આખી જ્ઞાતિનું હીત થઇ શકે તેના માટે આપણે તેમાં કયા ફેરફારો કર્યાં છે તેના ઠરાવો કરી અમલમાં મુકી બતાવવા જોઇએ. પ્રથમતો ધર્મ તરફ પ્રયાણ કરવા માટે આપણો ગૃહસ્થાશ્રમ ઉચ્ચ પ્રકારનો બનાવવો જોઇએ, ઉત્તમ ગૃહણી અને ગ્રહસ્થ જ્ઞાતિમાંથી ઉત્પન્ન કરવા માટે તેમની યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા બાદ લગ્નની ગાંઠથી જોડવાં જોઇએ. આ પ્રમાણે કરવામાં દશ વર્ષે લગ્ન કરવાનો પ્રથા આપણને અડચણ રૂપ હોવાથી તેને તજી દઈશું જેથી નાતરાં, કન્યાવિક્રય, છુટા છેડા જેવા મહા અધર્મયુક્ત રિવાજો આપણામાંથી જલદી દુર થસે. નાતરૂં શબ્દ ગુજરાતી છે અને તેનો અર્થ તારનાર નહીં એટલે ડુબાડનાર એવો થાય છે. કન્યાવિક્રયનો અર્થ કન્યા–પુત્રી અગર દિકરી, તેનો વિક્રય એટલે વેચાણ–કન્યાને વેચી દેવી એવો મહા પાપી અર્થ છે.

પુત્ર અથવા પુત્રીની પ્રાપ્તિ એ પરમાત્માની બક્ષિસ છે. જનસમાજનું હીત સચવાઈ રહે આ દુનિયાનો વહેવાર બન્યો રહે તે માટે ઇશ્વર આપણને આપે છે એટલે તેના ઉપર આપણી માલકી હોવાનું સમજવું એ એકપ્રકારની અધમતા છે. માત્ર સ્વેચ્છાથીજ સંતાનો પ્રાપ્ત કરી શકાતાં હોય તો કોઇનો નિર્વંશ જાયજ નહિ એટલે જે વસ્તુ આપણા અધિકાર બહારની છે તેનો અધિકાર પરમેશ્વરનોજ છે એમ ઠરે છે. આપણાં સંતાનો સાથે હોય ત્યારે કોઈ અજાણ્યુ પુછે કે આ " તમારો છોકરો કે છોકરી છે ? " ત્યારે આપણા મ્હોમાંથી સહેજ ઉદ્ગાર નીકળી પડે છે કે " આપણું શું છે એતો ભગવાનની માયા છે " ચોક્કસ એ ભગવાનનીજ માયા કિંવા પ્રસાદી છે તેના ઉપર આપણો કાંઇ હક્ક નથી માટે પુત્ર અગર પુત્રીનાં લગ્ન કરી આપી તે બદલ સામા પક્ષ તરફથી આપણા ઉપયોગ માટે ધન અગર તેવીજ કોઇ કિમતી વસ્તુઓ લેવી એ તેમનો વિક્રય કિંવા વેચાણ કરવા સમાન છે. એકજ તીથીએ લાંબી મુદ્દતેજ લગ્ન આવતાં હોય તો પોતાનો પુત્ર અગર પુત્રી કુંવારાં રહી જવાની દેહસત રહે છે એટલે તેમને પરણાવાની સરખી જરૂર દરેકને એકજ પ્રસંગે ઉભી થાય છે.

પુત્રના બાપની ગરજ જાણી પુત્રીનો બાપ તેની પાસેથી પૈસા કઢાવા લલચાય છે એટલે કન્યા વિક્રયને સ્થાન મળે છે. આ પ્રકારે સ્થાન મળવા કરતાં તેને વધારે ઉત્તેજન તો નાતરાંનો પ્રસંગ આપે છે. સ્ત્રીઓની તન્દુરસ્તી સાચવવા તરફ કંઇક ઓછું લક્ષ અપાય છે, તેમજ પુરૂષ કરતાં સ્ત્રીઓની જીંદગીમાં મરણ પામવા જેવા પ્રસંગો વારંવાર ઉપસ્થિત થાય છે એટલે સ્ત્રી પુરૂષના આયુષ્યનો વિચાર કરતાં પણ સ્ત્રીઓનું મરણ પ્રમાણ વધારેજ હોવું જોઇએ. સ્ત્રીઓની સંખ્યા આ પ્રકારે ઓછી થાય છે એટલે મોટી ઉંમરના વાંઢા પુરૂષોને સ્ત્રી મેળવવા માટેની ગરજ ઉભી થાય છે, તન મન અને ધનના ભોગે પણ તે ગરજને પહોંચી વળ્યા સિવાય ચાલતું નથી. ૨૫–૩૦ વર્ષની વિધુર પુત્રીઓ ફરીથી સંસારમાં

પડવાનું ઇચ્છતી નથી પરંતુ તેટલીજ ઉંમરનો પુરૂષ સ્ત્રી પ્રાપ્ત કરવાની ગરજમાંથી મુક્ત થઇ શકતો નથી. એટલે વિધુર કન્યાઓની અછત સમજાય છે અને તેમાં વળી કેટલાક પુરૂષો જરૂરે કિંવા બીનજરૂરે બે ત્રણ સ્ત્રીઓ રાખે છે એટલે વિધુર પુરૂષો માટે સ્ત્રી મેળવવાનો પ્રશ્ન ઘણોજ ગંભીર થઇ પડે છે. સેંકડો સાધન વગરના બન્ધુઓ કુંવારાજ મરણ પામે છે, અને લાગવગ અને પૈસાના સાધનવાળા પુરૂષો આ સ્થીતીમાં પોતાની દરેક શક્તિનો ઉપયોગ અશક્ત બન્ધુઓની સામે કરે છે તેને એક પ્રકારનો જુલમજ કહી શકાય. પૈસા લેનાર પાપી ઠરે છે તો આપનાર માણસ પણ તે પાપનો ભાગી હોવાનું શાસ્ત્રસિદ્ધ છે. નાતરાની સંપૂર્ણ ક્રિયા તમારી તરફ પાટ લાગતાં પુરી થાય છે, તેજ પ્રમાણે ગુજરાત વગેરે સ્થળે પણ ગોત્રજને પગે લાગ્યા પછી પુરી થાય છે. નાતરાનું સાટુ અગર સગાઈ થવી અને વિધૂરના ઘરમાં પ્રવેશ કરવો એ બંને વચ્ચે વખતનો જે ગાળો રહે છે તેમાં વિધુર વિધુર વચ્ચે કેટલીક વખતે ચડસા ચડસી ચાલે છે. દુષ્ટ માબાપો અગર વાલીઓ આવા સંબંધોમાં પુત્રીની ઇચ્છાની બિલકુલ દરકાર કર્યા સિવાય કોઈ વધારે પૈસા આપનાર મળે તેને ત્યાં પુત્રીને મોકલે છે. આ ધંધા અગર વિક્રયથી તો અધર્મની પણ હદ આવી જાય છે: તમારી તરફ બન્ધુઓ ! આવા બનાવ ઘણી વખતે બનતા હોય એવું મારા વાંચવા અને સાંભળવામાં આવ્યું છે તો મારી આપને વિનંતી છે કે ગમે તે પ્રકારના દબાણથી તે અટકાવવાની જરૂર છે. હું સમજી શકુછું કે આ બધી દુઃખદાયક સ્થીતી લગ્નપ્રથાનું પરિણામ છે, તેને તજી દીધાથી અધર્મ રૂપી વાદળોમાં ઘેરાયેલી આપણી જ્ઞાતિ મુક્ત થસે. આપણને તે સમજ પુરેપુરી આવવા માટે જ્ઞાનની જરૂર છે, જ્ઞાન એ માનસિક શક્તિનો પ્રભાવ છે, એટલે વિદ્યા પ્રાપ્ત કરી માનસિક શક્તિનો જીર્ણોદ્ધાર કરવાની પણ તેટલીજ આવસ્યકતા છે. પુત્ર પુત્રીઓને વિદ્યા પ્રાપ્ત કરાવવા તરફ દુર્લક્ષ આપનાર માબાપો પોતાની ઇશ્વિરી ફરજ અદા કરતા નથી તેમના માટે પૈસા મુકી જવાની જોખમદારી કરતાં તેમને વિદ્યા અને સદ્ગુણોથી અલંકૃત કરવાની આપણી જવાબદારી વિશેષ છે તેનો દરેક બન્ધુઓ જરૂર વિચાર કરશો. પૈસાની જરૂર એ મોટી વસ્તુ છે, તેનો અયોગ્ય વ્યય નહીં કરતાં ખોટી કીર્તિ સંપાદન કરવાની લાલચે તેનો વ્યય થતો અટકાવશો. પ્રેતભોજન જેવાં રક્તથી ભીંજાયેલાં ભોજન જમવાનું આપણે તજી દઇશું તોપણ જ્ઞાતિમાં પુષ્કળ પૈસાની ભરતી રહેશે, તે બાલકોને વિદ્યા પ્રાપ્ત કરાવાની તેમજ નિરાધાર બન્ધુઓને મદદ કરવાના ઉપયોગમાં વાપરી શકાશે. હું આપને છેલ્લી એજ ભલામણ કરૂંછું કે જ્ઞાતિનું હીત એજ પોતાનું હીત છે. તેનું ઐક્ય અગર સંપ એજ આપણી શક્તિ છે, એમ સમજી એક બીજાની સાથે રહી જ્ઞાતિહીતનાં પવિત્ર કાર્યોમાં આપ હંમેશાં નિમાડ, માળવા, ગુજરાત, કચ્છ વગેરે વિભાગના બન્ધુઓનું હીત કરવાની ચિંતા રાખશો તો આપના પ્રત્યેના મારા ભક્તિભાવમાં વધારો થતાં હું આપનો અહેશાન માનીશ. આપના તરફથી આ સભાના અધ્યક્ષ તરીકેનું મને જે માન આપવામાં આવ્યું છે તે ખાતર હું આપનો ફરીથી અહેશાન માનુંછું અને આશા રાખુંછું કે સભાનુ કાર્ય નિર્વિઘ્ને, સર્વાનુંમતે પાર પાડવામાં આપ મને મદદ કરશો. ૐ શાંતિ.

સેરથા ગામની જ્ઞાતિ ભક્તિ.

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની સ્થાપના વખતે આઠ દશ વર્ષ પૂર્વે જ્ઞાતિમાં મત ભેદ જેવું હતું, તેના આશયો અને કાર્ય જ્ઞાતિને કેટલુ હીતકર્તા નીવડશે એ ગંભીર પ્રશ્ન જન સમાજ આગળ ખડો થયો હતો, આજે તે જુદા રૂપમાં દેખાય છે. સમાજના નાના રૂપે સમસ્ત જ્ઞાતિની કૉન્ફરન્સનું સ્વરૂપ ધારણ કર્યું છે, સ્વાર્થ પુરતો જુજ સ્થળે મતભેદ ભરાઇ ગયો છે અને સંસ્થાનું કાર્ય શ્રેયષ્કર નિવડયું છે એ સમાજના મેમ્બરો દ્વારા જ્ઞાતિમત કેળવાયાનુંજ પરિણામ છે. સત્ય હંમેશાં સત્ય રૂપે બહાર આવ્યા સિવાય રહેતું નથી એમ સમજી દરેક સંસ્થાના સંચાલકોએ સત્યને અવલંબી ખુલ્લા હૃદયે ઉદ્દાર વૃત્તિથી કાર્ય કરવું જોઇએ એવો અનુભવ સમસ્ત જ્ઞાતિને થવાની જરૂર છે.

સગાં સંબંધીની મેમાનગીરિ કરતાં જ્ઞાતિ ભક્તિનો ઉદ્દેશ ઘણો વિશાળ અને પવિત્ર છે તેમાં સ્વાર્થ અને પરમાર્થ બંને રહેલાં છે. એકલો સ્વાર્થ અધમતા દર્શાવે છે, કેવળ પરમાર્થ મનુષ્ય જીવનના પ્રદેશથી નિરાળો છે, એટલે સ્વાર્થ અને પરમાર્થ બંને સંધાય તેવા જ્ઞાતિ સેવાના પુરૂષાર્થને જ્ઞાતિ ભક્તિનું રૂપ આપવામાં કાંઈ ખોટું નથી. જ્ઞાતિના સંમેલન અગર સભાને પરમાત્માનું વૈરાટ સ્વરૂપ માનવામાં આવે છે, તે પવિત્ર સ્થળ ગણાય છે એટલા માટે જ્ઞાતિ અગર નાતની આમન્યા રાખી બોલવા કે બેસવા ઉઠવાનો વિવેક આજે પણ ચાલ્યો જાય છે. જ્યાં જેટલે દરજ્જે નાતનું સંમેલન પરમાત્માના સ્વરૂપે રહે છે અને જ્ઞાતિહીતનું કાર્ય કરે છે ત્યાં તેટલા પ્રમાણમાં નાતનો મેળાવડો સન્માનને પાત્ર ઠરે છે. પરંતુ નાતનાં સંતાનોના સુખ દુઃખનો વિચાર છોડી માત્ર ગામ ગપાટા કે આગેવાનોની હડીએ ચડી ગયેલા એકાદ જણનો દંડ અથવા અન્ય શિક્ષાથી ખબર લેવાની હોય, બીશમીલ્લા ગોળીનાં પાણી અને અફીણ હોકાના ગોટા ઉડતા હોય તે સ્થળે પરમાત્માનો વાસ હોવો કેવળ અસંભવિતજ હોય અને ત્યાં નાતની મર્યાદા કે વિવેકને સાચવવા કે સ્થાન આપવા પણું પણ નજ હોય એ સંભવિત છે. સેરથા ગામની નાત બે વખત મળેલી જોવાનો અમને પ્રસંગ પ્રાપ્ત થયો છે તે દરેક વખતનું તેનું કાર્ય જોતાં ગામના બંધુઓ માટે અમને ઘણું માન ઉત્પન્ન થાય છે. સમાજને આમંત્રણ કરવા પૂર્વે અને ત્યાર પછી પણ તેમને કેટલીક મુસ્કેલીઓ જણાઈ હતી, પરંતુ સેવાધર્મને સ્વીકાર્યા બાદ એક બીજાને સાનુકૂળ રહી ચારે ભાગના બંધુઓએ પોતાના ગામમાં જ્ઞાતિનો મેળાવડો કરવાના કાર્યને દીપાવ્યું છે એવું દરેક જણે ખુલ્લા હૃદયથી કહેવું જોઇએ.

વેવાઈ વળોટ અને સગાનાં સગાંની મેમાનગીરિ કરવામાં શહેર જેવાં ગામો કરતાં ગામડા ગામના ભાઇઓ વિશેષ પ્રેમાળ અને ઉદ્દાર હોય છે એ વાત આજે સર્વત્ર ફેલાયેલી છે, તેમાં ઘણું સત્ય છે, પરંતુ કુસંગા સંગ × × × ના ન્યાયે કેટલાંક ગામોની શ્રદ્ધામાં ઉણપ આવતી જાય છે. ગમે તે કારણને લઈ આ પરિવર્તનને સ્થાન મળતું હશે પરંતુ સેરથા ગામના બંધુઓએ સમાજના મહોત્સવ ટાણે પોતાના ગામમાં દુર દુરથી આવેલા જ્ઞાતિ ભાઇઓનો સત્કાર કરવામાં જે ભાવ અને દીર્ઘ દૃષ્ટિ વાપરી મેમાનગીરિનું દૃષ્ટાંત તાદૃશ્ય કર્યું છે તે બાતે ખરેખર સમસ્ત જ્ઞાતિની પ્રતિનીધિરૂપ સભા તેમને ધન્યવાદ આપીનેજ બેશી રહેશે નહીં, પરંતુ જ્યારે જ્યારે આવા પ્રસંગો ઉપસ્થીત થસે ત્યારે ત્યારે સેરથા ગામની જ્ઞાતિભક્તિ તેના હૃદય પટ ઉપર તરી આવ્યા સિવાય રહેશે નહીં.

જ્ઞાતિ બન્ધુઓને સ્ટેશનપરથી સભાસ્થાને પહોંચાડવા તેમની પાસે ઘોડા ગાડીઓ કે મોટરો નહોતી, તેમ મેમ્બરોને પધરાવવા ધજા વાવટાથી શણગારેલી સુશોભિત મેડીઓ કે બેન્ડ વાજાંનો ઠાઠ માઠ નહોતો, પરંતુ આમંત્રણ કર્યાં પછી જે ટુંક સમયમાં સંખ્યાબંધ મેમ્બરો માટે ગોઠવણ કરવાની હતી તે કોઇ પણ જાતના વિક્ષેપ સિવાય બની ગઇ હતી તે માટે સેરથા ગામના બંધુઓ ખરેખર ભાગ્યશાળી હોવાનુંજ કારણ અમને તો સમજાય છે. એક સંપ અને શુદ્ધ હૃદયના સંકલ્પો ધારેલું કાર્ય સાધી શકે છે. યુવાન કે વૃદ્ધ સ્ત્રી અને પુરુષ વર્ગ દરેકના ચહેરા અને અંતર પટમાં મેમાનગીરિ કિંવા સેવા ધર્મનાં તત્વો એટલા જોરથી કામ કરતાં નજરે પડતાં હતાં કે તેની અસર મેમ્બરોને પણ થઇ હતી, એટલે માંથુ ફાડી નાંખે એવા સખ્ત તાપમાં મેમાનગીરિ કરનારને પોતા તરફથી કાંઈ અગવડ ન પડે તેની ઉલટી ફીકર મેમ્બરો રાખતા હતા.

સેવાધર્મની કસોટી કરનાર ઉન્હાળાનો સખ્ત તડકો, નહીં અનુભવેલા ભાવોની ઉથલ પાથલવાળી ચાલુ મોસમ અને સમાજ ભરવાના કાર્યનો બીન અનુભવ, એક તરફથી સેરથા ગામના બંધુઓને પાછળ ખેંચતો હતો—જ્યારે તેમનો સેવાધર્મ, સમાજની બેઠક પોતાના ગામમાં નિર્વિધ્ને પાર ઉતારવાની જીજ્ઞાસા અને સંકલ્પ બળો પાછળ રહેનારને આગળ કરી, બેઠેલાને ઉભો કરતાં હતાં, એટલે શ્રી ઉમિયા દેવીની કૃપાથી તેમના પવિત્ર સંકલ્પોનો સર્વત્ર સર્વ કાર્યમાં વિજય વિજય થયો છે એમ અમારે કહેવું જોઇએ. સમાજના મેમ્બરોને **એક દિવસ વધારે** રોકી તેમની મેમાનગીરિ કરવાનો ગામનો ઉત્સાહ જ્ઞાતિ ભક્તિના અચૂક બનાવ તરિકેજ લેખાશે. રૂપાલ, કંડ, લાડોલ, સરઢવ, વામજ, આદ્રજ વગેરે પડોશનાં ગામના બંધુઓએ પણ સેરથા ગામને આ શુભ કાર્યમાં કેટલેક અંશે મદદ કરી સારી સંખ્યામાં હાજરી આપી હતી તેમજ **રૂપાલ** તરફથી જ્ઞાતિ હીતના કાર્ય માટે કરવામાં આવતી આ સંસ્થાની આવતી બેઠક પોતાના ગામે રાખવાનું આમંત્રણ પણ કર્યું હતું. સમાજના કાર્યને દીપાવવા કડી પ્રાંતમાં જે જે ગામના બંધુઓએ મહેનત કરી તેનો ઉદ્દેશ બર લાવવા પ્રયત્ન કર્યો છે તે ખાતે કડવા પાટીદાર જ્ઞાતિ તેમને ધન્યવાદ આપ્યા સિવાય રહેશે નહીં. અમે ઇચ્છીશું કે જ્ઞાતિનાં સંતાનોની થતી અધોગતી અટકાવવા પ્રભુ! સેરથા ગામ અને તેના પડોશીઓને વિશેષ હૃદય બળ અને બુદ્ધિ આપી તેમના હાથે આવાં અનેક જ્ઞાતિ હીતનાં કાર્ય કરાવે. અસ્તુ. **તંત્રી.**

"કડવા વિજય."

જ્ઞાતિ હીત સમજનાર દરેક બન્ધુએ પોતાનું લવાજમ મોકલી આપી ગ્રાહક થવું જોઇએ. માસિક સંબંધી દરેક લખાણ ચોખ્ખા અક્ષરે કાગળની એકજ તરફ લખવું. લેખો અને જાણવા જોગ હકીકત મોકલવા સંબંધીનો પત્ર વહેવાર **તંત્રી** સાથે અને તે સિવાયનો દરેક પ્રકારનો પત્ર વહેવાર **મેનેજર**ના સરનામે કરવો. આ બંને તરફથી અસંતોષ જણાતાં **અધિપતિને** લખવું.

મી. મગનભાઇ. જી. એન્જીનીઅર
તંત્રી—કડવા વિજય.
૩૦૩ વાડીગામ—અમદાવાદ.

શેઠ, મફાભાઇ ગોવિંદજી.
મેનેજર—કડવા વિજય.
વિરમગામ.

સુચના.

સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિના હિતાર્થે આ માસિકની દરેક પ્રવૃત્તિ છે તેમજ જ્ઞાતિના જુદા જુદા ભાગોના પ્રતિનીધિઓની એક સંસ્થાની સંપૂર્ણ માલિકી નીચે તે પ્રસિદ્ધ થાય છે. દરેક બન્ધુએ સમજવું જોઇએ કે આ માસિક છાપનાર છપાવનાર કે તેમાં લખનાર કિંવા વહીવટ કરનાર અગર ખબર આપનાર દરેક જણ જ્ઞાતિ હીતનેજ લક્ષમાં રાખી કોઇ પણ જાતના ખાનગી સ્વાર્થ સિવાય માસિક દ્વારા જ્ઞાતિ સેવા સાધવા પ્રવૃત્ત રહેશે. માસિકની ઉપજ ખર્ચ સમાજના ફંડ ખાતે રહે છે તેનું વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે શાહી અને કાગળોની મોંઘવારીનો વખત હોવા છતાં પણ વધારવામાં આવ્યું નથી અને માત્ર રૂ. ૧—૪—૦ રાખવામાં આવ્યું છે, અને એવી ગણત્રી કરવામાં આવી છે કે દરેક ગ્રાહકનું લવાજમ આવી જાય તો ખર્ચ પુરૂં થાય.

અનુભવ ઉપરથી સમજાય છે કે જ્ઞાતિના વિસ્તારના પ્રમાણમાં આવાં બે ત્રણ માસિકો પ્રગટ થવાની જરૂર છે અને નીકળવાં જોઇએ પરંતુ સામાન્ય રીતે જોતાં આં એકજ માસિકનું લવાજમ વસુલ આવી શકતું નથી અને તે ખાતે સમાજના ફંડને મોટો ફાળો આપવો પડે છે, આ વસ્તુ સ્થીતી દીલગીરિ ભરેલીજ ગણાય તે કરતાં વિશેષ દીલગીર થવા જેવું એ સંભળાય છે કે કેટલાક વિદ્વાન ગણાતા અને ગ્રહસ્થ વર્ગ પૈકીના ગ્રાહકો માસિકનું પરબીડીઉ તોડવાની કે પોતાની બેઠકમાં દૃષ્ટિએ પડતું રહે તેવી જગ્યાએ તેને રાખવાની તકલીફ પણ લેતા નથી જાણે જ્ઞાતિ રિવાજ કે હીતાહીત સાથે તેમને કંઇ સંબંધજ નથી.

સદ્ગત તંત્રીના અવસાન પછી સમાજની છેલ્લી સેરથા ગામે મળેલી બેઠક વખતે નવા બંધારણ મુજબ સમાજના જનરલ અને જોઇન્ટ સેક્રેટરીઓની નિમણોક થઇ છે તેજ પ્રમાણે આ માસિકના કાર્ય માટે પણ નિમણોકો થયેલી છે એટલે દરેક બન્ધુને જણાવવાનું કે સમાજ અને માસિક સંબંધી જેને જે કંઇ જાણવું જણાવવું અગર મંગાવવું કે મોકલવું હોય તેમને તે કાર્યના અધિષ્ટાતા દ્વારા અને ખાસ કરી સમાજ સંબંધી પોતાના વિભાગના જોઇન્ટ સેક્રેટરી દ્વારા વહેવાર કરવો.

આ માસિકમાં જ્ઞાતિ ઉપયોગી દરેક પ્રકારના લેખો અને ખબરોને સ્થળ આપવામાં આવશે. આધારો સાથેનાં ચર્ચાપત્રો અને વ્યાજબી ટીકાઓ લેખકના જોખમે પ્રસિદ્ધ કરવામાં આવશે પરંતુ જન સમાજને અહીત કર્તા કોઇ લેખ તરફ ધ્યાન આપવામાં આવશે નહિ. જ્ઞાતિનાં ફંડો અગર સંસ્થાઓ કે મંડળોને લગતી હકીકતને પ્રથમ સ્થાન મળશે. લેખકે પોતાનું નામ ઠામ અમારી જાણ માટે લખવુંજ જોઇશે, નનામા અને કાગળની બંને બાજુ લખેલા લેખો તરફ પુરતુ ધ્યાન આપવામાં આવશે નહીં.

સમાજના જુદા જુદા વિભાગના જોઇન્ટ સેક્રેટરીઓ પોતાના વિભાગની જાણવા જોગ જ્ઞાતિ પ્રવૃત્તિ અને જરૂરીઆતો દરેક અંગ્રેજી માસની તા. ૨૦ થી ૨૫ મી સુધીમાં મોકલી આપશે અને બનતાં સુધી દરેક માસની તા. ૫ મીએ આ માસિક પ્રસિદ્ધ થશે. દરેક જ્ઞાતિ બન્ધુઓને તેમજ સંસ્થાઓના સંચાલકો કે ગોળના આગેવાનો અને ગામના મુખી પટેલોને અમારી ખાસ ભલામણ છે કે પોતાના ગામમાં અગર અન્ય સ્થળે બનેલી જાણવા જોગ હકીકત મોકલી આપવાથી જ્ઞાતિ ઉપર ઉપકાર થયેલો ગણાશે.

તંત્રી.

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ.

આપણી ઉન્નતિને વધારે નજીક જવાના ઉદ્દેશથી જ્ઞાતિના જુદા જુદા વિભાગોમાં તેની પેટા શાખાઓ ઉઘાડી જોઇન્ટ સેક્રેટરીઓની નિમણુંક કરવામાં આવી છે. ભવિષ્યની અને હાલની પ્રજાની અધોગતિ !મટાડી સ્વધર્મે વહન કરવા, અને કેળવાયેલી શહેરી પ્રજા તરિકે જીવન ગુજારવાની સ્થીતીમાં જવા માટે આ હરીફાઈના જમાનામાં જે ભગીરથ પ્રયત્નો કરવાના આપણા માટે ઊભા છે તેને પહોંચી વળવા આ સંસ્થા પાસે કેટલા મોટા ફંડની જરૂર છે તેનો દરેક સમજુ બંધુ વિચાર કરવાની તસ્દી લેશે એવી અમને ખાત્રી છે. માત્ર હાલની પદ્ધતિ અને પ્રમાણમાં અસરકારક રીતે કાર્ય કરવા વાર્ષિક જે રકમની જરૂર છે તે મેળવવા અને વસુલ કરવા જ્ઞાતિના જુદા જુદા વિભાગોની પેટા સંસ્થાઓ દ્વારા નીચે મુજબ વહેંચણી કરવામાં આવી છે તે એકઠી કરી મોકલી આપવાની ફરજ એકલા જોઇન્ટ સેક્રેટરીનીજ નથી પરંતુ તે વિભાગના દરેક બન્ધુઓએ સેક્રેટરીના કાર્યમાં મદદ કરી પોતાની ફરજ અદા કરવાની છે.

વાર્ષિક રકમ.	પેટા સંસ્થા અને વિભાગ.	જોઇન્ટ સેક્રેટરી.
૩૦૧	મુંબઇ અને કચ્છનો પ્રદેશ.	રા. મંગુભાઇ ફીલાભાઇ ઠે. શેઠ ત્રીકમભાઇ ગોપાળદાસની દુકાને કાંબેકર સ્ટ્રીટ. માંડવી પોષ્ટ નં. ૩ મુંબઇ.
૧૫૧	વડોદરા અને સુરત, ભરૂચનો પ્રદેશ	રા. તુળજાભાઇ નાથાભાઇ ગોલવાડના નાકે મું. પાદરા.
૬૦૧	અમદાવાદ શહેર, પરાં, પ્રાંતીજ મોડાશાનો પ્રદેશ.	રા. ત્રીકમલાલ દલપતરામ ભગત રાયપુર કાપડીવાડ–અમદાવાદ.
૨૦૧	કડી પ્રાંતનો પ્રદેશ.	પા. રણછોડભાઇ જીવણદાસ. પા. રણછોડભાઇ શ્રીભાઇદાસ. } મું. સેરથા. (તા. કલોલ.)
૨૫૧	દશક્રોશી ભાલનો પ્રદેશ.	પા. પુરૂષોત્તમ લલુભાઈ. મુ. બાવળા.
૪૦૧	વિરમગામ અને ચુંવાળનો પ્રદેશ.	રા. નાથાલાલ દામોદરદાસ. વિરમગામ.
૬૦	ઝાલાવાડ, મચ્છુકાંઠાનો પ્રદેશ. ધ્રાંગધ્રા વગેરે.	પા. શીવલાલભાઇ પિતાંબરદાસ. મુ. ટીકર રણની તા. ધ્રાંગધ્રા.
૪૦	ગોહેલવાડનો પ્રદેશ ભાવનગર વગેરે.	પા. જીવાભાઇ ખુશાલદાસ ઠે. કણબીવાડ—ભાવનગર.

શેઠ. મફાભાઇ ગોવિંદજી.
એડીશનલ–સેક્રેટરી–વિરમગામ.

મી. કેસવલાલ માધવલાલ વકીલ.
જનરલ સેક્રેટરી–વિરમગામ.